Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

卐

# Shri Atmanand Prakash

પુસ્તક ૫૧ મું. આત્મ સં. ૫૮ સંવત ૨૦૧૦.

અંક ૫ મો. પ્રકાશન તા. ૧૩-૧૨-૫૩ માગશર.

☆

Edited by

Shri Jain Atmanand Sabha

Bhavnagar

વાર્ષિક લવાજમ રૂા. ૩-૦-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક:-

શ્રી જૈન આત્માનંદ સભા,

ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા.


| | | |
|---|---|---|
| ૧ સામાન્ય જિન સ્તવન... | ...(પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ) | ૬૫ |
| ૨ તેરમા સુમતિનાથ જિન સ્તવન સાર્થ | (રા. ડો. વલ્લભદાસ નેણુસીભાઇ) | ૬૬ |
| ૩ શ્રી નેમિનાથ મ્હોટા કે રથનેમી ? | ...(પ્રો૦ હીરાલાલ રસીકદાસ કાપડીયા એમ. એ.) | ૬૭ |
| ૪ ધર્મ કૌશલ્ય... | ...(સદ્દગત મૌક્તિક) | ૭૧ |
| ૫ અનુકંપાદાન | ...(સં. ભવાનભાઇ પ્રાગજી) | ૭૩ |
| ૬ વ્યાપાર નીતિશતક ... | (શ્રી અમરચંદ માવજી) | ૭૪ |
| ૭ જ્ઞાન ભંડારોની સમૃદ્ધિ | ...(પૂજ્ય શ્રી પુણ્યવિજયજી મહારાજ) | ૭૬ |
| ૮ શ્રાવક ... | ...(સં. ભવાનભાઇ પ્રાગજી) | ૭૮ |
| ૯ વર્તમાન સમાચાર ... | ...(સભા) | ૭૮ |
| ૧૦ સ્વીકાર સમાલોચના ... | ...(સભા) | ૭૮ |


## નમ્ર સૂચના.

આત્માનંદ પ્રકાશ માટે લેખકોએ મોકલેલ ઘણી કવિતાઓ અમારી પાસે પડી છે, તેથી કોઇ પણ લેખકે કવિતાઓ હાલ મોકલવી નહિ; કેટલીક કવિતાઓ પદ્ય લેખો મેળ વગરના નિરસ આવે છે, તેવા દાખલ કરવામાં આવતા નથી. તેમજ કઇ કવિતા કે પદ્ય લેખ લેવો અને કયો ન લેવો તે તંત્રી મંડલ નિર્ણય કરે છે. તેમજ પદ્ય કે કવિતા પાછી મોકલવામાં આવતી નથી. તંત્રી મંડલ

(શ્રી આત્માનંદ પ્રકાશ)

## આ માસમાં થયેલાં માનવંતા લાઇફ મેમ્બરો.

| | | | |
|---|---|---|---|
| ૧ શ્રી પ્રકાશચંદ બંસીલાલ કોચર | હીંગનઘાટ | ૩ નટવરલાલ નેમચંદ | મુંબઇ |
| ૨ શ્રી પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર | ,, | ૪ પારસકાન્ત લીલાધર | કલકત્તા |

## અનેકાન્તવાદ અંગ્રેજી ભાષામાં

### (આવતા માસમાં પ્રકટ થશે)

લેખકઃ–હરિસત્ય ભટ્ટાચાર્ય એમ. એ.

ઉપરોક્ત ગ્રંથ ઉંચા પેપર, અંગ્રેજી સુંદર ટાઇપ તેમજ પાકા બાઇડીંગ સાથે આવતા માસમાં અમારા તરફથી પ્રગટ થશે. કિંમત રૂા. ૨–૦–૦ પોસ્ટેજ જુદું.

શ્રી સસ્તુ સાહિત્ય કમીટી
અંતર્ગત શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

## ફરી નહીં છપાવવામાં આવતા બે અમૂલ્ય ગ્રંથો મળી શકશે માટે મંગાવો.

### ૧ શ્રી કલ્પસૂત્ર (બારસો) મૂળ પાઠ.

દર વર્ષે પર્યુષણ પર્વમાં અને સંવત્સરી દિને પૂજ્ય મુનિ મહારાજાઓ વાંચી ચતુર્વિધ સંઘને સંભળાવે છે જેનો અપૂર્વ મહિમા છે, તે શાસ્ત્રી મોટા ટાઇપમાં પ્રતાકારે સુંદર અક્ષરોથી અને સુશોભિત પાટલીસહિત પ્રથમ શ્રાવક ભીમસિંહ માણેકે છપાવેલ તે મળતો નહોતો, જેની માત્ર પચીશ કોપી અમારી પાસે રહેલ છે, જેથી પૂજ્ય મુનિમહારાજા કે જ્ઞાનભંડાર, લાઇબ્રેરી કે જૈન બંધુઓને જોઇએ તેમણે મંગાવી લેવા. નમ્ર સુચના છે. કિં. રૂા. ૩–૦–૦ પોસ્ટેજ જુદું.

ટા. પા. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર ...

વીર સં. ૨૪૮૦. પુસ્તક ૫૧ મું.

માગસર–ડીસેમ્બર

વિક્રમ સં. ૨૦૧૦. અંક ૫ મો.

## શ્રી સામાન્ય જિન સ્તવન.

( રાગઃ—તૂં ગંગાકી મોજમેં. ફિલ્મ–બૈજુ બાવરા. )

તૂં ચંદા જિનરાજ મૈં જ્યોતિકી ધારા;
હો સદાકા મિલન યહ હમારા તુમારા.
અગર તૂં હૈ સાગર તો જલધાર મૈં હું (૨),
જો તૂં હૈ તારક તો તરનાર મૈં હું,
હીલેગી ચલેગી ન હમસે યે નૈયા;
કરેગી ન મંઝીલ તુમ્હેં બીન ખેવૈયા,
હમે તારોજી હમે તારોજી, હમે તારો ભક્તિકા દેકર સહારા.
હો સદાકા. ૧.
ભલા કૈસે મીલેગી મુક્તિકી સૈયા (૨),
લૂટાતી નહિ જ્યોતિસે જ્યોત મિલ કે,
છૂટોગે પ્રભુજી તો છૂટને ન દેંગે (૨);
લબ્ધિકી લહેરોંકો તુમસે હી લેંગે (૨),
છોડેંગે હમ છોડેંગે છોડેંગે, મુક્તિકા લેકર કિનારા.
હો સદાકા. ૨.

પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રીમદ્ દેવચંદ્રજીકૃત અતીત ચોવીશી મધ્યે

# તેરમા શ્રી સુમતિ જિન સ્તવન.

( સં. ડૉકટર વલ્લભદાસ નેણસીભાઈ–મોરબી )

**પ્રભુશું ઇસ્યું વિનવું રે લાલ,**
**મુજ વિભાવ દુઃખ રીત રે**
**સાહિબીયા લાલ–**
**તિન કાલના જ્ઞેયની રે લાલ,**
**જાણો છો સહુ નીતિ રે**
**સાહિબીયા લાલ. પ્રભુ ૧**

**સ્પષ્ટાર્થ:**—તેરમા શ્રી સુમતિ જિન પ્રભુને હું એવી અરજ કરું છું કે મેં તમારા વચન જાણ્યાં, આદર્યાં. પહેલાં પુદ્ગલોમાં પોતાપણું માની મહાવિભાવ દઢ પરિણામ બાંધ્યા તે પરિણામનો વેગ તમારાં વચન જાણ્યા છતાં આજસુધી મટતો નથી. અને તેથી અજ્ઞાન, મિથ્યાત્વ અને કષાયાદિથી પરતંત્રતા વિગેરે બહુ દુઃખ ભોગવું છું. તે મારો જ આદરેલો વિભાવ દુઃખ ત્રાસ આપ્યા કરે છે અને હે સાહેબ! તમે તો સકલ દ્રવ્યની ત્રિકાલ પરિણતિની જાતિ જાણો છો એટલે કે પંચાસ્તિકાય અને કાલ–સકલ જ્ઞેયના નીતિ અને રીતિ જાણો છો. (૧)

**જ્ઞેય જ્ઞાનસ્યું નવિ મિલે રે લાલ,**
**જ્ઞાન ન જાયે એ તથ્થ રે, સા૦**
**પ્રાપ્ત અપ્રાપ્તમેયને રે લાલ,**
**જાણો જે જીમ જથ્થ રે. સા૦ પ્રભુ ૨**

**સ્પષ્ટાર્થ:**—જે જે દ્રવ્યના જે જે સ્વભાવ અને જેટલા જેટલા ગુણ પર્યાય હોય તે તેમજ રહે. વળી પર્યાય ક્રમવર્તિએ ઊર્ધ્વતાએ આવે. વળી તેનું ભવિતવ્ય જેમ હોય તેમ થાય અને ઉદ્યમ પણ ભવિતવ્ય પ્રમાણે બને, અને જે જે કાળે જે જે યોગ સંભવે છે તે તેમ બને એમ પાંચ સમવાય મળ્યાં કાર્ય થાય એમાં કાંઈ શંકા નથી. એમાંથી કાંઇપણ એકાંતી તે મિથ્યાત્વ છે. જ્ઞેય જ્ઞાન સાથે મળી એકમેક થાય નહીં. જ્ઞાન જ્ઞેય ક્ષેત્રે જાય નહીં અને જ્ઞેય પણ જ્ઞાન ક્ષેત્રે આવે નહીં. જેમ દર્પણમાં જે પદાર્થો ભાસે છે તે પદાર્થો દર્પણ સાથે એકમેક થઇ જતા નથી. દર્પણ દર્પણરૂપે અને પદાર્થ પદાર્થરૂપે રહે છે તેમ જ્ઞાન જ્ઞાનરૂપે અને જ્ઞેય જ્ઞેયરૂપે રહે છે, એ મર્યાદા છે. પ્રભુજી! તમે દૂર આકાશ ક્ષેત્રે રહ્યા અપ્રાપ્તમય જ્ઞેયને અને એક આકાશ ક્ષેત્રે રહ્યા સ્વપર પ્રાપ્તમય જ્ઞેયને તથા વર્તમાન કાલે વર્તતા પ્રાપ્ત અપ્રાપ્તમય જ્ઞેયને, અને અતીત અનાગતે વર્તતા અપ્રાપ્તમય જ્ઞેયને ક્ષેત્રથી અને કાલથી દૂર અને નિકટ એટલે અપ્રાપ્ત અને પ્રાપ્તમય જ્ઞેયને જે જેમ છે તે તેમ સમકાલે અશેષપણે જાણો છો, એટલે કોઇપણ જ્ઞેય એવો નથી કે તમારી જ્ઞાયકતામાં ન ભાસે. (૨)

**છતી પર્યાય જે જ્ઞાનના રે લાલ,**
**તે તો નવિ પલટાય રે; સા૦**
**તેમની નવ નવ વર્તના રે લાલ,**
**સવિ જાણે અસહાય રે. સા૦ પ્રભુ૦ ૩**

**સ્પષ્ટાર્થ:**—જ્ઞાનના અવિભાગી છતી પર્યાયમાંથી કોઈ પર્યાય, કોઈ કાલે પણ નાશ થાય નહીં. અને તે જ અવિભાગી છતી પર્યાયો છતીપણે રહીને સામર્થ્યપણે આવે છે પણ અછતીપણે થતા નથી. એટલે છતીપણાનો નાશ નથી. માત્ર તિરો અને આવિર્ભાવે થતાં જાય. જ્ઞેયોની નવે નવે સમયે નવિ નવિ વર્તના થાય તે અન્ય દ્રવ્યની સહાય વિના અને પ્રયાસ વિના જણાય દેખાય. ( ૩ )

**ધર્માદિક સહુ દ્રવ્યનો રે લાલ,**
**પ્રાપ્ત ભણી સહકાર રે સાહિ૦**
**રસનાદિક ગુણ વર્તતા રે લાલ,**
**નિજ ક્ષેત્રે તે ધાર રે. સા૦ પ્રભુ૦ ૪**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સ્પષ્ટાર્થ:**—ધર્માદિક અજીવ દ્રવ્ય પ્રાપ્ત થયાને સહાયકારી છે એટલે ધર્માસ્તિકાયના જે પ્રદેશમાં ગતિ પરિણામી જીવ પુદ્ગલ આવી પ્રાપ્ત થાય, તેને જ તે ગતિ સહાય આપે, અધર્માસ્તિકાયના જે પ્રદેશમાં સ્થિતિ પરિણામી જીવ પુદ્ગલ પ્રાપ્ત થાય તેને જ તે સ્થિર સહાય આપે, આકાશના જે પ્રદેશમાં જીવ પુદ્ગલ આવી પ્રાપ્ત થાય, તેને જ તે અવકાશ દાન આપે; પણ અન્ય પ્રદેશે રહ્યાને આપે નહીં. વળી ચાર અંશ સ્નિગ્ધ કે રૂક્ષ વ્યક્તિમાં જે પુદ્ગલ પરમાણુ હોય તે તેજ ક્ષેત્રમાં તેથી બે અંશ ન્યૂન કે અધિક સ્નિગ્ધ રૂક્ષ ગુણ વ્યક્તિવાળા અન્ય પુદ્ગલ-પરમાણુ આવી પ્રાપ્ત થાય તો તેની સાથે તે મળે. પણ અન્ય આકાશ ક્ષેત્રે રહેલા સ્નિગ્ધ કે રૂક્ષ બે અંશ ન્યૂન અધિક વ્યક્તિવાળા પુદ્ગલ પરમાણુ અગર ખંધ સાથે મળે નહીં અને કાર્મણાદિ વર્ગણા જીવપ્રયોગે પરિણમેલી જે આકાશ ક્ષેત્રમાં હોય. તે તે આકાશપ્રદેશમાં રહેલી અન્ય વર્ગણા સાથે મળે. એ પ્રમાણે ધર્માસ્તિકાયાદિ ચારે અજીવ દ્રવ્યને અન્ય પ્રદેશે રહેલાને ચલાવવું, સ્થિર રાખવું, અવકાશ આપવું કે મળવું થતું નથી. ચક્ષુ તથા મન વિના રસનાદિક ચાર ઇંદ્રિયોને વ્યંજનાવગ્રહ છે એટલે સ્વાદવાળી વસ્તુ જીભ પ્રદેશને મળે અને સ્પર્શવાળી વસ્તુ ત્વચાને મળે અને ગંધના પુદ્ગલ નાસિકા અંદર ઘ્રાણેન્દ્રિયને મળે–સ્પર્શ અને શબ્દના પુદ્ગલ શ્રોત્રેન્દ્રિયરૂપ પડદાને મળે સ્પર્શે–તો જ તેનો બોધ થાય. એ પાંચે ઇંદ્રિયોને દૂર ક્ષેત્ર વિષયી કહી છે પણ રસનાદિક ચાર ઇંદ્રિયોને તો તે વિષયોના પુદ્ગલ સ્વક્ષેત્રમાં આવી મળે તેને જ સ્પર્શે છે. અને ચક્ષુ ઇંદ્રિયને તો પુદ્ગલ પદાર્થ ઉપર પડેલું સૂર્યાદિનું ઉદ્યોત કિરણ પરાવર્તન થઇ ચક્ષુમાં આવે ત્યારે બોધ થાય છે તેથી તેને વ્યંજનાવગ્રહ કહ્યો નથી. પણ ઉદ્યોત કિરણ વસ્તુ ઉપર પડી પરાવર્તન થઇ આંખમાં આવ્યા વિના તેનો બોધ થતો નથી અને પ્રભુજીના કેવળજ્ઞાનમાં તો ક્ષેત્રે–કાલે દૂર નિકટના પણ રૂપી અરૂપી સર્વે પદાર્થોનો સમકાલે બોધ થાય છે. ( ૪ )

**જાણગ અભિલાષી નહિ રે લાલ,**
**નવિ પ્રતિબિંબે જ્ઞેય રે–સા૦**
**કારંક શકતે જાણવું રે લાલ,**
**ભાવ અનંત અમેય રે. સા૦–પ્રભુ૦ ૫**

**સ્પષ્ટાર્થ:**—પ્રભુ પરદ્રવ્યને જાણવાના અભિલાષી નથી અને અન્ય જ્ઞેયોનું પ્રતિબિંબ પણ પોતાની જ્ઞાયકતામાં પડતું નથી. પણ જીવમાં અનંત ગુણોનાં કારક ચક્ર આપ આપણા કાર્યપણે દર સમય ફરે છે તેમાં જ્ઞાન કારક ચક્રમાં નવા નવા સમયની નવી નવી જ્ઞેય પ્રવૃત્તિ, જ્ઞાયકતાનું સંપ્રદાન અને પૂર્વ જ્ઞેય પ્રવૃત્તિ જ્ઞાયકતાનું અપાદાન સહજ સ્વભાવે થયાં કરે અથવા પૂર્વ જ્ઞેય જ્ઞાયકતાનું અતીત જ્ઞાનપણે પરિણમવું તેથી સકલ જ્ઞેયોની પરિણતિ વર્તી, વર્તે છે અને વર્તશે એમ ભાસે છે તથા જ્ઞેયોમાં આપ આપણા ગુણપ્રવૃત્તિનું પરાવર્તન થવું અને જીવ દ્રવ્યમાં જ્ઞાન દર્શન ઉપયોગ પ્રવૃત્તિનું પરાવર્તન થવું એમ સર્વે દ્રવ્યોનું અગુરુલઘુ ચક્ર સમકાલે ફરે છે તેથી જાણગ–પાસગપણું સકલ સમય–નવી નવી પરિણતિ એ પરિણમે છે અને જાણગ–પાસગપણું નવી નવી પરિણતિનું થાય, તો રમણ પણ નવા નવા પર્યાયનું થાય. એને વીર્ય પણ નવી નવી પર્યાય પ્રવૃત્તિએ થયું તેથી વીર્ય પણ નવું ઉપજ્યું કહેવાય. એમ અનંતા ગુણો નવી નવી પરિણતિએ પરિણમે છે તેથી જાણવું પણ કારક-શક્તિવડે અનંતભાવનું અમેયપણે( અમાપ ) છે. જેમ સૂર્યને એવો અભિપ્રાય નથી કે પૃથ્વીના પદાર્થો જેમ પ્રવર્તે તેમ હું પ્રકાશ કરું પણ સૂર્યના ઉદ્યોતમાં પૃથ્વીના સર્વે પદાર્થો જેમ જેમ પ્રવર્તે તેમ તેમ ભાસે છે. તે વિષે સૂર્યને પણ પ્રયાસ કે અભિલાષ નથી પણ સહજ સ્વભાવે પ્રવર્તે છે તેમ પ્રભુજીના જ્ઞાનાદિ ગુણો વિના અભિલાષે અને વિના પ્રયાસે પ્રવર્તે છે. ( ૫ )

**તેહ જ્ઞાન સતા થકે રે લોલ,**
**ન જણાયે નિજ તત્ત્વ રે સા૦**
**રુચિ પણ તેહવી નવિ વધે રે લોલ,**
**એ જીમ મોહ મમત્વ રે. સા૦ ૬**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નેમિનાથ મોટા કે રથનેમિ ?

( લે૦ પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ. )

( ગતાંક પૃષ્ઠ ૫૪ થી શરૂ. )

**રથનેમિને** અંગે ગુજરાતીમાં કેટલીક સજ્ઝાયો રચાઈ છે. એમાં એક સજ્ઝાય **રથનેમિ** અને **રાજીમતીની** વચ્ચેના સંવાદરૂપ છે. એના કર્તા **શુભવિજયના** શિષ્ય **વીરવિજય** છે. એમણે વિ. સં. **૧૮૬૦** માં પોતાના ગુરુને ઉદ્દેશીને **શુભવેલી** રચી છે. પ્રસ્તુત સજ્ઝાયની ચોથી કડીમાં **રાજીમતી** કહે છે:–

**" દિયર-ભોજાઇપણાની જગમાં છાપજો,**
**તેમાં શો ચિત્તમેળો ફોગટ રાગનો જો. "**

આમ અહીં **રથનેમિ** માટે ' **દિયર** ' શબ્દ વપરાયો છે એટલે **રથનેમિ નેમિનાથ** કરતાં મોટા નથી એમ સહેજે ફલિત થાય છે. અહીં આવું અનુમાન દોરવાની જરૂર રહેતી નથી, કેમકે છઠ્ઠી કડીમાં **રથનેમિને** અંગે **રાજીમતી** સ્પષ્ટપણે **એમ** ઉચ્ચરે છે કે " પ્રીતમ લઘુ બંધવ મુજ ભાઈ સમાન જો." આથી એ વાત સુસ્પષ્ટપણે જાણી શકાય છે કે આ કર્તાને મતે તો **રથનેમિ** એ **નેમિનાથના** નાના ભાઇ છે–**રાજીમતીના** દિયર છે, નહિ કે જેઠ.

---

**સ્પષ્ટાર્થ**:–એવા જ જ્ઞાનાદિક અનંતગુણો અમારી સત્તામાં છે તો પણ અમારું શુદ્ધ તત્ત્વ જણાતું નથી. અને તે તત્ત્વ જાણવા માટે પૂર્ણ રુચિ પણ થતી નથી એ અમારે મોહ અને મમતાનું માહાત્મ્ય છે ( ૬ )

**મુજ જ્ઞાયક્તા પર રસી રે લાલ,**
**પરતૃષ્ણાએ તૃપ્ત રે. સા૦**
**તે સમતા રસ અનુભવે રે લાલ,**
**સુમતિ સેવન વ્યાપ્ત રે. સા૦ પ્રભુ. ૭**

**સ્પષ્ટાર્થ**:—મારી જ્ઞાયક્તા અનાદિ કાલથી પુદ્ગલપરિણતિની રસીલી થયેલી છે, અને તે પુદ્ગલ પરિણતિ અસ્થિર, પરતંત્ર અને વિનાશિક હોઇ તેની તૃષ્ણાએ તપી રહેલી છે અને પુદ્ગલપરિણતિમાં જ તત્ત્વ સાર માનેલો છે પણ મારી જ્ઞાયક્તા મારા દ્રવ્ય–ક્ષેત્ર–કાળ અને ભાવમાં તત્ત્વ જાણી સંતોષ અને તૃપ્તિવાળી થાય તો તે સમતા રસ અનુભવે તે તો સુમતિ જિન સ્વામીએ સુમતિ સેવવા આદરવાની બતાવી તેમાં વ્યાપે તો જ બને. (૭)

**બાધકતા પલટાવવા રે લાલ,**
**નાથ ભક્તિ આધાર રે, સા૦**
**પ્રભુ ગુણરંગી ચેતના રે લાલ,**
**એહી જ જીવન સાર રે. સા૦ પ્રભુ. (૮)**

**સ્પષ્ટાર્થ**:—અમારી અનાદિની બાધકભાવે પરિણમેલી આત્મપરિણતિને પલટાવી સાધક ભાવમાં લાવવા તુમ સરખા પ્રભુતાવંતની આણા સેવવી, એ જ અમારે પુષ્ટ આધાર છે. એ માટે ચેતના પ્રભુ ગુણરંગી કરવી એ જ આ વાતનું જીવન અને સાર છે. (૮)

**અમૃતાનુષ્ઠાને રહ્યો રે લાલ,**
**અમૃત ક્રિયાનો ઉપાય રે, સા૦**
**દેવચંદ્ર રંગે રમે રે લાલ,**
**તે સુમતિ દેવ પસાય રે. સા૦ પ્રભુ (૯)**

**સ્પષ્ટાર્થ**:—અમૃત અનુષ્ઠાનને આશ્રયે અમૃત ઉપજે. દેવચંદ્ર મુનિ કહે છે કે–ભવ્ય જીવો શુદ્ધાત્મ તત્ત્વમાં રમે તે સુમતિ દેવનો જ પસાય જાણવો. (૯)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હું આ વિષય આગળ લંબાવું તે પૂર્વે એ નોંધીશ કે આ સજ્ઝાયની ૩૬ મી કડીમાં **રથનેમિની** માતા **શિવા** છે એવો ઉલ્લેખ છે. આ રહી એ પંક્તિઃ—

**" સ્વામી સહોદર માત શિવાના જાયા "**

૩૮ મી કડીમાં **રથનેમિનો** કેવલી–પર્યાય ૪૯૯ વર્ષનો કહ્યો છે, નહિં કે ૫૦૦ નો.

કોઈકે " કાઉસગ્ગથકી રે રહનેમી, રાજુલ નિહાળી " થી શરૂ થતી **રહનેમિની સજ્ઝાય** રચી છે. એમાં ' ટેક ' તરીકે અર્થાત્ આંકણી તરીકે " દેવરિયા મુનિવર ધ્યાનમાં રહેજો " એવી પંક્તિ છે. આમ અહીં ' દેવરિયા ' એવો જે પ્રયોગ છે તે પણ એનો પ્રચલિત અર્થ વિચારતાં તો એમ જ સૂચવે છે કે **નેમિનાથ રથનેમિ** કરતાં મોટા છે.

ઉપર્યુક્ત આંકણીવાળી એક [1]સજ્ઝાય રૂપવિજયે રચી છે એટલે એ પણ આ વાતનું સમર્થન કરે છે. આ રૂપવિજય વિક્રમની ૧૯ મી સદીમાં વિ. સં. [2]૧૮૬૧–૧૯૦૦ માં થયેલા રૂપવિજય હોય એમ લાગે છે.

ખુશાલવિજયના શિષ્ય ઉત્તમચંદે વિ. સં. ૧૮૭૫ માં **રથનેમિની** જે સજ્ઝાય રચી છે તેમાં **રાજીમતી રથનેમિને** ' દેવરજી ' કહીને સંબોધે છે એટલું જ નહિ પણ પોતે એના મોટા ભાઇની પત્ની છે અને તેથી જનની જેવી છે એમ પણ કહે છે. પ્રસ્તુત પંક્તિ નીચે મુજબ છેઃ—

" ગુરુ બંધવની નારી તે જનની ત્હારી. "

આમ આ ગુજરાતી સજ્ઝાયો તો **નેમિનાથ રથનેમિના** સગા ભાઇ અને તે પણ આ **રથનેમિથી** મોટા હોવાનું વિધાન કરે છે. એટલે આ જાતની પરંપરા ક્યારથી અને શાને લઇને ઊભી થઇ તે તપાસાવું ઘટે.

આ સંબંધમાં **ઉત્તરજ્ઝયણ**( અ. ૨૨ )ની [3]પાઇય ટીકા હું જોઇ ગયો તેમજ ઉપાધ્યાય **કીર્તિરાજે** રચેલું [4]**નેમિનાથ** મહાકાવ્ય જોઇ ગયો પણ એમાં તો **નેમિનાથ** અને **રથનેમિ** એ એમાં મોટા કોણ એ બાબત ઉપર પ્રકાશ પાડનારું વિધાન જણાયું નહિ, પરંતુ કલિકાળસર્વજ્ઞ હેમચન્દ્ર-સૂરિકૃત **ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર** ( પર્વ ૮, સર્ગ ૯ ) માં આ વિષે નીચે મુજબની હકીકત જોવાય છે કે જેમાં **રથનેમિને નેમિનાથના** અનુજ–લઘુબંધુ તરીકે ઓળખાવાયા છે. આને લગતાં પદ્યો નીચે મુજબ છેઃ—

**" इतश्च नेमिरनुजो रथनेमिः स्मरातुरः ।**
**जज्ञे राजीमतीं पश्यन्निन्द्रियाणां वशंवदः ॥ २५८ ॥**

---

૧ આનો પ્રારંભ નીચે મુજબ છે. " કાઉસ્સગ્ગ ધ્યાને મુનિ રહનેમી નામે "

૨ જુઓ **જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ** ( પૃ. ૬૭૮ ).

૩ આ વિક્રમની અગિયારમી સદીમાં થઇ ગયેલા ' વાદિવેતાલ ' શાન્તિસૂરિની રચના છે.

૪ આના રચના–વર્ષ તરીકે જિનરત્નકોશ( ખંડ ૧, પૃ. ૨૧૭ )માં વિ. સં. ૧૪૯૫ નો ઉલ્લેખ છે, પણ એ ભ્રાન્ત જણાય છે, કેમકે આ સાલ તો આની એક હાથપોથીના અંતમાં અને તે પણ બાજુએ નોંધાએલી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**सोऽपूर्वैर्यस्तुभी राजीमतीं नित्यमुपाचरत् ।**
**तद्भावाविदुरां साऽपि मुग्धा न निषिषेध तम् ॥ २५९ ॥**
**भ्रातृस्नेहादुपास्तेऽसौ नित्यं मामित्यमंस्त सा ।**
**ममोपचारं रागेण गृह्णात्वेषेति सोऽपि हि ॥ २६० ॥**

આમ જે **અહીં નેમિનાથથી રથનેમિને** નાના ભાઇ કહ્યા છે તેવી હકીકત આ હેમચન્દ્રસૂરિની પૂર્વે કોઇએ કહી છે ખરી ? સૂરાચાર્યે જે **ઋષભ–નેમિ–ચરિત્ર** નામનું દ્વિસંધાન–કાવ્ય વિ. સં. ૧૦૯૦ માં રચ્યું છે તે કે એથી યે પ્રાચીન કોઇ કૃતિ આ દિશામાં પ્રકાશ પાડે તેમ હોય તો તે તપાસાવી ઘટે; પછી દિગંબરીય રચના પણ કયાં ન હોય ?

**અહીં** કોઇ એવો પ્રશ્ન કરે કે '**તીર્થ**ંકરની માતા તીર્થંકરને જન્મ આપ્યા પછી અન્ય કોઇને જન્મ આપતી જ નથી'[1] એટલે એ વિધાનના હિસાબે **રથનેમિ નેમિનાથ** પછી જન્મ્યાની વાત જ કેમ મનાય ? તો આનો ઉત્તર એ છે કે આ જાતનું એકાંતે વિધાન કયાં છે ? **નાયાધમ્મકહા** (સુય૦ ૧, અ. ૮, સુત્ત ૭૩) માં તો કુંભક અને **પ્રભાવતીની** પુત્રી **મલ્લિનાથને** સગા નાના ભાઇ હોવાનો [2]ઉલ્લેખ છે તેનું કેમ ? આથી જો ઉપર્યુક્ત વિધાનને કોઇ પ્રાયિક કહેવા તૈયાર થાય તો એ માટે પ્રાચીન અને પ્રામાણિક કથન રજૂ થવું ઘટે અને વિશેષમાં **મલ્લિનાથને** નાનાભાઇ હોવાની ઘટના અપવાદરૂપ છે એમ કહેવા માટે પણ વિશ્વસનીય આધાર અપાવો ઘટે, કેમકે **નાયાધમ્મકહાની** ટીકામાં **અભયદેવ-સૂરિએ** ઉપર્યુક્ત ઉલ્લેખ વિષે કશું જ વિધાન કર્યું નથી તે એઓ આ ઘટનાને અપવાદરૂપ નહિ ગણતા હશે એમ સૂચવે છે એમ કહી શકાય તેમ છે.

વળી **ઉત્તરજ્ઝયણની** નિજ્જુત્તિની ૪૪૪ મી ગાથામાં (રાજા) **સમુદ્રવિજય** અને **શિવાદેવીના** ચાર પુત્રોનો ઉલ્લેખ છે તો શું **નેમિનાથ** એ ચારેમાં છેલ્લા છે ? એમ જ હોય તો એ માટે પ્રમાણ રજૂ થવું ઘટે; નહિ તો એમના પછી ત્રણ નહિ તો બે પુત્રને તો જરૂર **શિવાદેવીએ** જન્મ આપ્યાની વાત માનવી જ પડે ને ?

આમ જ્યારે બબ્બે ઉદાહરણ પં. ધુરંધરવિજયગણિના વિધાનની વિરુદ્ધ જાય છે તો એમણે–પોતાના મંતવ્ય માટે કોઇ અકાટ્ય પ્રમાણ હોય તો તે રજૂ કરવું જ જોઇએ, અને ન જ હોય તો ભૂલ સ્વીકારવી જોઇએ.

---

૧ આ જાતનું વિધાન હાલમાં પં. ધુરંધરવિજય ગણિએ "વીર–શૈશવ" નામના એમના લેખ (પૃ. ૪૧૮) માં કર્યું છે એમ એમનો જે આ લેખ "જૈન" ના "પર્યુષણ પર્વ ખાસ અંક" (પૃ. ૫૨. અંક ૩૪–૩૫) માં છપાયો છે તે જોતાં જણાય છે. આથી પોતાના આ વિધાન માટે અકાટ્ય પ્રમાણ રજૂ કરવા માટે મારી એમને આ જાહેર વિજ્ઞપ્તિ છે.

૨ આ રહ્યો એ ઉલ્લેખઃ—

"**तत्थ णं मिहिलाए कुंभगस्स पुत्ते पभावतीए अत्तए मल्लीए अणुजायए मल्लदिन्नए नाम कुमारे जाव जुवराया यावि होत्था ॥**" (પત્ર ૧૪૨ અ). પત્ર ૧૪૩ અ માં આ મલ્લદિન્ને મલ્લિનાથને "મોટાં બેન" કહ્યાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મ કૌશલ્ય

( ૮૦ )

## આપણાં ભણતર અને જ્ઞાન, આપણે જે વસ્તુઓ નથી જાણતા તેના પ્રમાણમાં ઘણા ઓછા છે.

પ્લેટોનો સિદ્ધાન્ત છે કે આપણે કાંઇ જાણતા નથી. એ વાત ખોટી ન પડે તેટલા માટે તે કહે છે કે આપણે નથી જાણતા, એટલું આપણે જાણીએ છીએ. અજ્ઞાનનું જ્ઞાન આપણું સાચું છે. ભણી-ભણીને તમે ગમે તેટલું ભણો અથવા જ્ઞાન મેળવી મેળવીને ધરાઇ જાઓ, તો પણ આપણે જે વસ્તુનું અથવા વસ્તુ સંબંધી જ્ઞાન મેળવીએ છીએ અથવા તે શકય છે, તેના પ્રમાણમાં આપણે નથી જાણતા તે વધે છે. અને જાણી જાણીને આપણે કેટલું જાણીએ? એટલે વિચારક વિચાર કરી કરીને કેટલો કરે ? અને ભણતરનું લક્ષણ શું હોવું જોઇએ ? એ તો બીજાની પાસેથી મેળવવું પડે. ત્યારે બીજા ભણતરમાં કેટલું ભણાવે? એટલે ઘણી વાત રહી જાય તેમાં નવાઈ નથી. 'ભણતર ભણીને ભણી રહ્યા ભણનારા રે, એમ કદિય ન કરશો વિચાર; શોધો ગુણ સારા રે' એ સૂત્રમાં ભણ્યે બધું કદી ભણાતું નથી, અને ભણતર પૂરું થતું નથી એ જ સૂત્ર સિદ્ધ કરી આપ્યું છે. અને ભણતર અને જ્ઞાનની કદી પરિપૂર્ણતા થતી નથી એવી વાત કરી છે એનું આ સૂત્રમાં સમર્થન કરવામાં આવ્યું છે. આમાં મતિજ્ઞાન, શ્રુત-જ્ઞાનની મહત્તા બતાવવા સાથે કૈવલ્યજ્ઞાનના પ્રમાણમાં એ અલ્પ જ છે અથવા કાંઈ નથી તેવી વાત કરી છે. આ વાત બરાબર સમજવા યોગ્ય છે, અને એના અંતર્ગતમાં રહેલ તત્ત્વને ધારી રાખવા જેવું છે અને આ કાળમાં તો ભરતક્ષેત્રમાં કેવળજ્ઞાન થવાનું નથી એ આપણે જાણીએ છીએ. એટલે પ્રમાણમાં આપણે જે જાણીએ છીએ તે અજ્ઞાનની બાબત કરતાં ઘણી ઓછી છે એ વાત ખાસ ધારવા જેવી છે.

અને જાણી જાણીને કેટલું જણાય અને ભણી ભણીને કેટલું ભણાય? એ રીતે વિચારતાં જ્ઞાનની મર્યાદાનો ખ્યાલ આવે છે. પ્લેટો તો અજ્ઞાનતાની પુષ્ટિ કરે છે અને તેનું તત્ત્વજ્ઞાન બીજા મુદ્દાઓ પર રચાયું છે, પણ આપણે તો મર્યાદા સમજીએ છીએ અને શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાનનો ભેદ જાણીએ છીએ એ વિષે વિચાર કરવામાં આવે તો પ્લેટોનું સૂત્ર બરાબર સમજી શકાય અને સર્વ વિસંવાદ દૂર થઇ જાય. અને પછી જ્ઞાનનો મદ તો રહે જ નહિ, કારણ ગમે તેટલું શ્રુતજ્ઞાનથી જાણીએ, તો પણ તે કૈવલ્ય કે મનપર્યવ જ્ઞાન તો નથી જ તે આપણે જાણીએ છીએ; પછી મદ શેનો કરવો ? અને મદ કરવામાં આવે તો ચાલે કેમ ? અને એવા ખોટા મદમાં તો ઉઘાડા પડી જવાય અને ઉઘાડા પડી જતાં ફજેતી થાય. અને એ વાત તો આપણને પાલવે નહિ. આ પ્રમાણે જ્ઞાનની મર્યાદા સ્વીકારીને ચાલવાથી આપણામાં એક જાતની શાંતિ આવી જાય છે, તે જોતાં આપણી ભાવિભદ્રકતા થાય છે, સ્વર્ગ અપવર્ગના સુખ નજીક થાય છે અને આપણે પરમ આનંદમાં મગ્ન થઇ જઇએ છીએ. ધર્મીષ્ટ માણસે તેટલા માટે જ્ઞાનનો મદ ન કરવો અને જરા સરખું અભિમાન આવે તો પોતાની હદ વિચારવી. જે હદને વિચારશે તે સુખી થશે.

સ્વ૦ મૌક્તિક

---

The learning and knowledge that we have is, at the most, but little compared with that of which we are ignorant. *Plato*



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુકંપાદાન

( ગતાંક પૃષ્ઠ ૫૭ થી ચાલુ )

હે ભવ્યાત્મા ! અનંતજ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, જીવનસુખ તથા આનંદ–આદિ અખૂટ સ્વસંપત્તિના સ્વામી આત્માને અનાદિકાળથી મોહરાજાએ અનેક પ્રકારના મિથ્યા પ્રલોભનોમાં ફસાવીને સંપત્તિહીન બનાવ્યો છે. અને પોતાની સત્તાથી આત્માની સ્વતંત્રતા છીનવી લીધી છે.

સ્વસંપત્તિથી હીન થવાથી, પરસંપત્તિથી પોતાનો નિર્વાહ કરનાર આત્મા જે અનંતજ્ઞાનની શક્તિ ધરાવતો હતો અને પરસંપત્તિની સહાયતાની જેને જરાય જરૂરત ન હતી તે મોહની ગુલામીથી જકડાઇ રહ્યો છે, અને તેની પાસે એટલી પણ સ્વતંત્રતા રહી નથી કે ઘડી પછી શું થશે તેને નિશ્ચિતપણે જાણી શકે. એમ તો આત્મા ત્રણે કાળના ક્ષણવર્તી ભાવોને સ્વતંત્રપણે જાણવાની શકિત ધરાવે છે પણ અત્યારે તો મોહની શીખવણીથી માનેલા પૌદ્‌ગલિક સુખોને માટે સ્વસંપત્તિ મોક્ષને ત્યાં ઘરેણે મૂકેલી હોવાથી તે જેવું ને જેટલું જણાવે તેટલું જ જાણવાનું રહ્યું અને તે પણ મોહે નિયુક્ત કરેલા પોતાના જ જડાત્મક સાધનદ્વારા પરાધીનપણે નિર્વાહ પૂરતું જ. અનાત્મિક મોહની ઇચ્છા પ્રમાણે જ આત્મા પોતાની જ્ઞાનાદિ સંપત્તિનો ઉપયોગ કરી શકે છે. ઘણી વખત મોહ આત્માને આંધળો અને બહેરો બનાવીને તેને પોતાની સંપત્તિ વાપરવા દેતો નથી. અને જડાસક્ત બનાવીને વધારે ને વધારે સંપત્તિહીન બનાવતો જાય છે, જેથી પોતાની સત્તા મજબૂત બનાવીને આત્માને પોતાના દાસપણામાંથી છૂટવા દેતો નથી.

સત્યની મૂર્તિસ્વરૂપ પ્રભુ મહાવીરે મોહના દાસપણામાંથી મુક્ત થઇને સ્વસંપત્તિ મેળવી સ્વતંત્ર બનવા સત્યાગ્રહ આદર્યો ત્યારે પોતાની સત્તામાં જકડી રાખવા મોહે અનેક પ્રકારની કનડગતો કરી તોયે પ્રભુએ અડગ રહીને મોહની આજ્ઞાનું ઉલંઘન કર્યું અને શાશ્વત સત્યને વળગી રહ્યા. મોહે નંદિવર્ધનને પ્રેરણા કરી અને સ્નેહગર્ભિત વચનોદ્વારા પોતાની સત્તા નીચે ચાંપી રાખવા પ્રયાસ કર્યો, પણ પ્રભુએ નંદિવર્ધનને સત્ય સમજાવી મોહને આધીન ન રહેવા પોતાની દૃઢ પ્રતિજ્ઞા જણાવી. પ્રભુએ મોહની સત્તાનો મૂળથી ઉચ્છેદ કરવા જ્યારે તેની જાળમાંથી નીકળી ઉગ્ર સત્યાગ્રહ આદર્યો ત્યારે કોઇ પણ પ્રકારે પ્રભુનો સત્યાગ્રહ છોડાવી પોતાની સત્તા નીચેથી ન ખસવા દેવા અનેક પ્રકારના વિષમ પ્રસંગો ઉપસ્થિત કર્યાં. મોહના બંધન તોડી સત્યની દિશામાં પ્રયાણ કરતી વખતે મોહગર્ભિત સંબંધીઓના કરુણ વિલાપોને પીઠ દઇને સત્યની સન્મુખ જ તે રહ્યા. દિવ્ય સુગંધી શરીરમાંથી મોહના નિવાસનો નાશ કરનારા પ્રભુએ મોહની મનાવેલી અનુકૂળતા તથા પ્રતિકૂળતાનો અનાદર કરીને સુગંધીના કામી યુવાન પુરુષો અને સુંદરતાની કામી યુવાન સ્ત્રીઓના મોહને આધીન કરવાના પ્રયાસોને નિષ્ફળ બનાવ્યા. પૂર્વાવસ્થાના પિતાના મિત્ર તાપસને પ્રભુ મળ્યા ત્યારે મોહની કૂટિલતા કાંઇક ધ્યાન બહાર રહેવાથી તાપસને ભેટ્યા અને તેના ભાવભીના આગ્રહથી ચોમાસું રહેવાનું સ્વીકારી અવસરે ચોમાસું રહ્યા; પણ ચોમાસામાં જ નિવાસના ઝુંપડામાંથી ઘાસ ખાતી ગાયોના પ્રસંગે તાપસદ્વારા મોહની કૂટિલતા જણાવાથી મોહના છળથી બચવા પ્રભુ પાંચ અભિગ્રહ–પ્રતિજ્ઞાઓ ધારણ કરીને સત્યને માર્ગે ચાલી નીકળ્યા. ત્યારે મોહે પણ હઠ પકડી અને પ્રભુનો સત્યાગ્રહ છોડાવવા પોતાનું સંપૂર્ણ બળ તથા સત્તા વાપરવા માંડી. ગોવાળીઆ આદિ અનેક વ્યક્તિઓ દ્વારા પ્રભુનો સત્યાગ્રહ ન છોડાવી શકાયો ત્યારે છેવટે સંગમદેવને પ્રેરણા કરી અને તેની સહાયતાથી પોતાના રાગ–દ્વેષ સુભટોને સબળ બનાવીને કોઇપણ હિસાબે પ્રભુને સત્યાગ્રહથી ભ્રષ્ટ કરવાની પ્રતિજ્ઞા કરીને છેવટનું બળ અજમાવ્યું. સત્ત્વશાળી ધીરપુરુષોને પણ અકળાવી નાંખે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેવા એક પછી એક અસહ્ય કારમા પ્રસંગો ઉપસ્થિત કરવા માંડ્યા. શારીરિક તથા માનસિક અનેક પ્રકારની અનુકૂળ તથા પ્રતિકૂળ પ્રવૃતિઓ આદરી દુઃસહ્ય યાતનાઓ અને પ્રલોભનોદ્વારા રાગ–દ્વેષને સબળ બનાવી સત્યાગ્રહથી ખસેડવા મોહે સંપૂર્ણ સત્તા વાપરી. જેમ જેમ સંગમદ્વારા રાગ–દ્વેષને સબળ બનાવવા તે પ્રયાસ કરતો ગયો તેમ તેમ રાગ–દ્વેષ સબળ ન બનતા નિર્બલ બનતા ગયા.

પ્રભુ તાત્વિક સત્યને સારી રીતે જાણતા હોવાથી સંગમને પોતાના ઉપકારી મિત્ર તરીકે માન્યો કે જે માન્યતા મોહની અવજ્ઞા કરનારી હતી તેથી રાગ–દ્વેષનું પણ કાંઇ ચાલી શકયું નહિં; કારણ કે જ્યાં મોહનો આદર હોય છે ત્યાં જ રાગ–દ્વેષ બળવાન બનીને પોતાનો કાબૂ ટકાવી શકે છે. પ્રભુના ધ્યાનમાં જ હતું કે—મોહ સંગમને પ્રેરણા કરી પોતાનો જ નાશ કરાવે છે એટલે સંગમ મોહનો શત્રુ છે કે જેઓ મારી ઉપર સત્તા જમાવી બેઠો છે તેનો જ નાશ કરવા પ્રયત્ન કરી રહ્યો છે, :માટે મારો તો તે પરમ બંધુ જ છે. સંગમ દેવના દેહમાં રહીને મોહે રાગ–દ્વેષને જાગૃત કરવા પોતાથી બનતું બધુંય કર્યું, કારણ કે જ્યાં સુધી રાગ–દ્વેષ જાગૃત ન થાય ત્યાં સુધી તાત્વિક સત્યાગ્રહ મોહથી છોડાવી શકાય નહિં. જો કે પ્રભુ તો અનંત બળશાળી હતા. પોતે સંગમના સ્વામીને પણ પહોંચી વળે તેવા હતા, પણ તેવા બળનો ઉપયોગ કરવા રાગ–દ્વેષનો આશ્રય લેવો પડે અને તેમ કરવાથી મોહની સત્તા સ્વીકારવી પડે તો તાત્વિક સત્યથી ખસી જવાનો પ્રસંગ ઉપસ્થિત થાય માટે પ્રભુ દ્રષ્ટા તરીકે રહ્યા.

મોહની શીખવણીથી સંગમ માનતો હતો કે જડાત્મક દેહ પ્રભુસ્વરૂપ છે માટે દેહના છેદન–ભેદનથી પ્રભુ સત્યથી વિચલિત થશે પણ પ્રભુ તો આત્મસ્વરૂપ હતા. એટલે તે પૌદ્ગલિક વસ્તુઓના પરિણામના માત્ર જ્ઞાતા હતા પણ ભોક્તા ન હતા. દેહ તથા આત્માની ભિન્નતારૂપ સત્યને સારી રીતે જાણતા હતા, તેથી દેહમાં થનારી વિકૃતિઓની તેમને અંશ માત્ર પણ અસર થઇ નહિં અને રાગ–દ્વેષની પરિણતિમાં પરિણમ્યા નહીં. છેવટે સંગમ થાકયો. છ–છ મહિનાઓનો પરિશ્રમ નિષ્ફળ નિવડવાથી હતાશ થયો જેથી મોહ પોતાની હાર માનીને નિર્બળ ભાવે પ્રભુને સંગમદ્વારા નમ્યો. રાગ-દ્વેષ મૃતપ્રાયઃ થઇ ગયા અને છેવટે વિલય પામ્યા. અને પ્રભુએ તો સત્યાગ્રહમાં અચળ મોહ ઉપર વિજય મેળવી સંપૂર્ણ સ્વતંત્રતા પ્રાપ્ત કરી, પોતાની અનંત ચતુષ્ટય શાશ્વત લક્ષ્મી સ્વાધીન કરીને શાશ્વત આનંદ તથા જીવનના ભોગી બન્યા.

માટે હે વીરપ્રભુના સુપુત્રો ! તમો પણ એ પિતાની શક્તિના અંશને તમારી ધન સંપત્તિ ઉપરથી એ મોહરાયના વર્ચસ્વને હઠાવી રાગ–દ્વેષને મૃત્યુશય્યામાં પોઢાડી શકો છો. તમારામાં આત્મબળ કયાં નથી ? તમારામાં પણ એ પરમાત્મસ્વરૂપ આત્મા બિરાજી રહેલો છે. અડગ નિશ્ચય અને હક પાસે મોહરાય કે મોહરાયના બાપનું પણ કાંઈ ચાલતું નથી. નિર્બળતા છોડી મનની એ ચપળ લક્ષ્મી ઉપર આરૂઢ થયેલા મોહરાયને લાત મારી હાંકી કાઢો અને તમારી સ્વતંત્ર સત્તા પ્રાપ્ત કરી તમારી દરેક સંપત્તિના તમે સ્વામી બની તેના ઉપર તમારું વર્ચસ્વ–અધિકાર જમાવી તેનો સદ્ઉપયોગ કરવા કટિબદ્ધ થાઓ તો અત્યારે દુનિયામાં ચાલી રહેલ ભયંકર અધર્મનું સામ્રાજ્ય ઘડીના છઠ્ઠા ભાગમાં જમીનદોસ્ત થઇ જશે અને ચોથા આરાનું સુખ તમો તથા સારી દુનિયાના સર્વે પ્રાણીઓ અનુભવી શકશે એ નિઃસંદેહ છે. અત્યારે ભીષણ કાળ લાખો જીવાતમાઓનું ભક્ષણ કરી રહેલ છે, તે ભૂખ્યો, તરસ્યો ગુંગળાઇને બૂરે હાલે વિનાશ પામશે અને અમીઝરણાં ઝરતા પૃથ્વીને પલાળી મૂકશે ને સ્વર્ગીય સુખરૂપ રામરાજ્ય સ્થપાશે. ફક્ત મોહ છોડો એ જ નમ્ર પ્રાર્થના.

**સંઘવી ભવાનભાઈ પ્રાગજી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વ્યાપારનીતિશતક

લેખક:—શ્રી અમરચંદ માવજી શાહ

( ગતાંક પૃષ્ઠ ૨૯ થી શરૂ. )

૧૮. પાઇથી સુધરે તો પૈસો ન ખર્ચાવવો એ નીતિ વૈદ્ય ડૉકટરની હોવી જોઇએ. ખોટા વ્હેમ અને શંકાઓમાં દર્દીઓને ન નાખવા જોઇએ. દવા પણ નિર્દોષ આપવી જોઇએ. હિંસાયુકત દવાઓથી દર્દીના દર્દને વધારી તેને વધુ દુઃખમાં મૂકવા જેવું ન કરવું જોઇએ.

૧૯. આપણા આરોગ્યને માટે અન્ય પશુ-પંખીઓનાં જીવન હણીને તેની દવાથી આપણે નિરોગી થવું એ મહાપાપ છે. દવાઓમાં આ પદ્ધતિ પાશ્ચાત્યોએ સ્વીકારી સમાજમાં રોગચાળો વધુ ફેલાવ્યો છે અને કરોડો રૂ. એ દ્વારા લઈ જાય છે, આ અનીતિ છે.

૨૦. જેટલી આરોગ્યતા કુદરતી રીતે જીવવાથી મળે છે, તે કૃત્રિમ દવાઓથી કદી પ્રાપ્ત થતી નથી. આપણા જીવન દવા ને ડૉકટર ઉપર જ જો નભતાં હોય તો આપણે જીવવાને પણ લાયક રહ્યા નથી. જે ડૉકટરો કે વૈદ્યો દુષ્ટ ભાવના રાખે છે તે મહાન્ પાપરૂપ છે.

૨૧. કપડાંને કૃત્રિમ રીતે સુંવાળા બનાવવા માટે તેમાં ચરબીનો ઉપયોગ કરાય છે. તે પ્રાણીઓની હિંસાદ્વારા સમાજ ઉપર પાપનો લેપ ચડાવવા બરાબર છે. આથી વાપરનારાઓ દરેક હિંસાના-પાપના ભાગીદાર બને છે. આવી પાપમય વસ્તુઓથી સમાજ દુઃખી થાય છે.

૨૨. કેફી પીણાઓ, માદક પીણાઓના વ્યસનોમાં પ્રજાજીવનને સપડાવવા મનફાવતી જાહેરખબરો કરી લોકોને ઊંધે રસ્તે દોરવી, કમાણી કરનાર મહાઅનર્થ કરે છે. સાચી વસ્તુની જાહેર ખબર કરવાની જરૂર નથી. ખોટી વસ્તુઓનો ફેલાવો કરવાથી સમાજજીવન બગડે છે.

૨૩. જે વ્યવસાયમાં નીતિનું ધોરણ નથી. બીજાનું પડાવી લેવાની ભાવના છે. બીજાનું ચોરેલું લઇ ધનવાન થવાની વૃત્તિ છે ત્યાં સુધી કોઇ દિવસ જય થવાનો નથી. સત્યનું પલ્લું જ ઊંચે રહેવાનું છે. અનીતિનું ધન આખરે નષ્ટ થવાનું જ છે.

૨૪. પ્રજાજીવનની વસ્તુઓનો સંગ્રહ કરી ભાવ વધારવાની દુષ્ટ ભાવનાથી પ્રજાજીવનમાં મોંઘવારી ફેલાય છે. ગરીબોને વસ્તુ મળતી નથી અને એ ત્રાસરૂપ સંગ્રહખોરીથી અનેક લોકોને મુસીબતમાં મુકાવું પડે છે. આ કુદરતનાં કાયદાથી વિરુદ્ધ છે.

૨૫. જેવી ભાવના તેવી સિદ્ધિ થાય છે. દુષ્ટભાવનાથી કરેલાં કૃત્યો તેનું ફળ દુષ્ટ જ આવે છે. ભલે ઘડીક સિદ્ધિ થઇ દેખાય. અંતે પાપની લક્ષ્મી પછાડીને જ જાય છે. સત્યનો જ સદા જય છે. અનીતિની કમાણી ઉપર જીવનાર અધોગતિનો ઉમેદવાર છે.

૨૬. તોલમાપમાં ઓછું આપવું, છેતરવું એ પણ અનીતિ છે. એક બતાવી બીજું આપવું તે પણ અનીતિ છે. જે માણસો ન્યાય-નીતિથી વર્તે છે તે ભલે બહુ ધનવાન ન હોય છતાં તેના આત્મામાં સંતોષ અને શાંતિનાં દર્શન થાય છે. અનીતિમાનને અશાંતિ જ છે.

૨૭. ધર્મ-અર્થ-કામ અને મોક્ષ એ ચારે પુરુષાર્થ-મોક્ષનાં બળે ધર્મ-ફરજરૂપે અર્થકામની પ્રાપ્તિ કરવી જોઇએ. બીજાનાં ભોગે જીવન જીવવું ન જોઇએ. જીવવું ને જીવાડવું એવી માનવતા હોય ત્યાં જ નૈતિકતા હોય છે, જ્યાં માનવતા નથી ત્યાં નીતિ નથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૮. માલ ખરીદતી વખતે બજારો નરમ પાડી દેવા અને કાળી મજૂરી કરનાર ઉત્પાદકોને ભૂખ્યા મારવા, વેચતી વખતે ભાવો વધારી દેવા અને જનતાને મોંઘવારીમાં મારી નાખવી–આ વ્યાપારી નીતિ અતિ દુષ્ટ છે. સર્વનું ભલું થાય એવી ભાવનાથી પોતાનું ભલું થાય છે.

૨૯. ગાયો, ભેંસો દૂધ આપે ત્યાં સુધી તેને પાળવી અને વસુકી જાય એટલે કત્તલ કરાવવી આ ઘોર અન્યાય છે. બળદ કામ આપે ત્યાં સુધી પાળવો અને ડુકી જાય એટલે ભૂખ્યે મારવો, આ મહા-પાપ છે. ઘોડો ચાલે ત્યાં સુધી સાચવવો અને પાકે ત્યારે ગોળીએ દેવો એ ન્યાય નથી.

૩૦. માત્ર સ્વાર્થવૃત્તિ રાખવી અને બીજા જીવોનાં જીવનને સ્વાર્થથી ચગદી નાખવા એ ઘોર હિંસા છે. હિંસાથી, સ્વાર્થથી જગતમાં લડાઇઓ ચાલે છે અને જગતમાં અશાંતિ પ્રવર્તે છે. અહિંસા અને સ્વાર્થત્યાગમાં જ વિશ્વશાંતિ છુપાયેલી છે.

૩૧. નીતિથી ચાલનાર, નીતિથી કામ કરનાર, નીતિથી રળનારને સર્વસિદ્ધિ જ છે. ભલે પૂર્વ કર્મ અનુસાર કાંઇક દુઃખ હોય, પરંતુ તેનું ભાવી સુખમય જ છે. જેવા જેવા શુભ યા અશુભ બીજનું વાવેતર થાય છે તેવા તેવા જ સુખ–દુઃખરૂપ ફળો પ્રાપ્ત થાય છે.

૩૨. સટ્ટો, જુગાર એ દેશની બદી છે કારણ કે તે દ્વારા અર્થ ઉપાર્જન થતું નથી. વ્યર્થ આપ–લેમાં શક્તિનો વ્યય થાય છે અને અનેકનું ધન એક ઠેકાણે ઠલવાઇ જઇને વ્યવહારને પાંગળો બનાવે છે. ઉત્પાદન વગરના અન્યને ઉપયોગી ન થાય તેવાં દરેક વ્યવસાય દેશને, સમાજને હાનિકારક છે.

૩૩. નીતિથી, ન્યાયથી પ્રમાણિકપણે સત્યપૂર્વક શુભભાવથી કાર્ય કરવું અને તે દ્વારા જે અર્થ ઉપાર્જન થાય તેમાં સંતોષ રાખવો. એ દરેક માનવનું કર્તવ્ય છે. નોકર હો કે શેઠ, સર્વ આ મૂળભૂત સિદ્ધાંતનું પાલન કરવાથી જ સુખી થઈ શકાય છે.

૩૪. અનીતિની કમાણી ઉપર નભનારાઓ દેશની બદીરૂપ છે, સમાજનાં શત્રુઓ છે. સમાજ-જીવન લોહીનાં વ્યાપારથી દૂષિત થાય છે. પુરુષત્વહીન પ્રજા થાય છે અને દેશની અધોગતિ થાય છે. જ્યાં પાપ છે ત્યાં કુદરતનાં સદા શ્રાપ છે.

૩૫. ફળ આપતાં વૃક્ષો, દૂધ આપતી ગાયો–ભેંસો, બકરા વિગેરેને છેદવા, મારવા, કાપવા એ સમાજની કત્તલ કરવા બરોબર છે; કારણ કે સમાજનું જીવન એની ઉપર નિર્ભર છે. એને જે જે રીતે અનુમોદન મળતું હોય તે તે સર્વ તેનાં પાપનાં ભાગીદાર છે.

૩૬. જે દેશમાં સંતોને સતાવાય છે, ગરીબોને કચરાય છે, મૂંગા નિરપરાધી પ્રાણીયોને હણાય છે, એ દેશમાં કુદરતનો કેર થાય છે, દુષ્કાળ, રોગચાળો આદિથી પ્રજાઓ પીડાય છે. જ્યાં સર્વ જીવની રક્ષા થાય છે ત્યાં સદાય આનંદમંગળ છે.

૩૭. પાત્રતા પ્રાપ્ત કરવાનું પ્રથમ પગથિયું ન્યાયસંપન્ન વૈભવ છે. જો ન્યાયપૂર્વકનો–નીતિપૂર્વકનો ધન–વૈભવ ન હોય તો તે આત્મસાધના માટેનું સોપાન સાધી શકતો નથી; કારણ કે જેવું અન્ન તેવું મન હોય છે અને મન એ જ બંધમોક્ષનું કારણ છે.

૩૮. જે માણસ બીજાનું અહિત કરવાની ભાવના સેવે છે તે પોતાનું જ અહિત કરે છે, જે બીજાને હણવાની ભાવના રાખે છે તે પોતે જ હણાય છે, જે બીજાને લૂંટી લેવાની કામના રાખે છે તે પોતે જ લુંટાય છે. કુદરતનો પણ નિયમ છે કે વાવીયે તેવું જ લણાય છે.

૩૯. નીતિ હંમેશા ન્યાય અને સત્યથી યુક્ત હોવી જોઇએ. જે દેશમાં ન્યાય અને નીતિરૂપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જ્ઞાનભંડારોની સમૃદ્ધિ

**ભારતમાં** ઓછામાં ઓછાં પાંચસો શહેર, ગામ, કસબા વગેરે સ્થાનો હશે જ્યાં જૈન શાસ્ત્રસંગ્રહ મળે છે. પાંચસોની સંખ્યા એ તો સ્થાનોની સંખ્યા છે, ભંડારોની નહિ. ભંડારો તો કોઇ એક શહેર, કસબા કે ગામમાં પંદરવીસથી માંડીને બેપાંચ સુધી જોવામાં આવે છે. પાટણમાં વીસથી વધુ ભંડારો છે, તો અમદાવાદ, સૂરત, બીકાનેર વગેરે સ્થાનોમાં પણ દસ દસ પંદર પંદરની આસપાસ હશે. ભંડારો પણ બધા સરખા કદના નથી હોતા. કોઇ કોઇ ભંડારમાં પચીસ હજાર સુધી ગ્રંથો છે તો કોઇ કોઇમાં બસો પાંચસો પણ છે......મેં લગભગ ૪૦ સ્થાનોના બધા ભંડારો જોયા છે અને લગભગ ૫૦ ભંડારોમાં તો પ્રત્યક્ષ બેસીને કામ કર્યું છે.

માધ્યમની દૃષ્ટિએ મારા જોવામાં આવેલા ગ્રંથોના ત્રણ પ્રકાર છે. તાડપત્ર, કાગળ અને કાપડ. તાડપત્રના ગ્રંથો વિક્રમની નવમી સદીથી લઇને સોળમી સદી સુધીના મળે છે. કાગળના ગ્રંથો જૈન ભંડારોમાં વિક્રમની તેરમી સદીની શરૂઆતથી અત્યાર સુધીના મળે છે. જો કે મધ્ય એશિયાના યારકંદ શહેરની દક્ષિણે ૬૦ માઇલ ઉપર કુગિયર નામક સ્થાનેથી મળેલા કાગળના ચાર ગ્રંથો ઇ. સ. ની પાંચમી સદીના મનાય છે. પરંતુ એટલા જૂના કોઇ તાડપત્રનો અથવા કાગળનો ગ્રંથ અત્યાર સુધી મને જૈન ભંડારોમાંથી મળ્યો નથી. આપણી સામે ગ્રંથસામગ્રી મોજુદ છે તેમાં મારી દૃષ્ટિએ, વિક્રમ સંવત પૂર્વેથી માંડીને નવમી સદી સુધીના ગ્રંથોની નકલો છે અને નવમી સદી પછી નવા રચાયેલા ગ્રંથોનો પણ સમાવેશ થાય છે.

મારા જોયેલા ગ્રંથોમાં તાડપત્રના ગ્રંથોની સંખ્યા લગભગ ત્રણ હજાર જેટલી અને કાગળના ગ્રંથોની સંખ્યા તો દોઢ લાખથી પણ કંઇક વધુ છે. એ કહેવાની જરૂર નથી કે આમાં બધા જૈન ફિરકાના બધા ભંડારોના ગ્રંથોની સંખ્યા અભિપ્રેત નથી, એ સંખ્યા તો દસપંદર લાખથી પણ કેટલીય વધી જાય એમ છે.

પ્રાચીનતાની દૃષ્ટિએ તથા ચિત્રપટ્ટિકા અને બીજી ચિત્રસમૃદ્ધિની દૃષ્ટિએ તથા સંશોધિત અને શુદ્ધ કરેલા આગમિક સાહિત્યની અને તાર્કિક દાર્શનિક સાહિત્યની દૃષ્ટિએ-જેમાં જૈન પરંપરા ઉપરાંત વૈદિક અને બૌદ્ધ પરંપરાઓનો પણ સમાવેશ થાય છે—પાટણ, ખંભાત અને જેસલમેરના તાડપત્રના સંગ્રહો પ્રથમ આવે છે. એમાં જેસલમેરનો ખરતર આચાર્ય શ્રી જિનભદ્રસૂરિએ સ્થાપેલો તાડપત્રોનો ભંડાર પ્રથમ ધ્યાન ખેંચે છે. નવમી શતાબ્દીનો તાડપત્રનો ગ્રંથ ‘વિશેષાવશ્યક મહાભાષ્ય’ જે લિપિ, ભાષા અને વિષયની દૃષ્ટિએ મહત્ત્વનો છે, તે પહેલવહેલો એ સંગ્રહમાંથી જ મળ્યો છે. એ સંગ્રહમાં જેટલી અને જેવી પ્રાચીન ચિત્રપટ્ટિકાઓ તથા બીજી પુરાણી ચિત્રસમૃદ્ધિ છે તેટલી પુરાણી અને તેવી કોઇ એક ભંડારમાં મળે એમ નથી. એ તાડપત્રના સંગ્રહમાં જે આગમિક ગ્રંથો છે તે મોટે ભાગે

---

મજબૂત દીવાલો હોય છે તેમજ સત્યરૂપ મોભ હોય છે તે દેશની ઇમારતને આંગળી અડાડવા પણ કોઇ સમર્થ થતું નથી. કહેવાય પણ છે કે નીતિ એ ધર્મનો પાયો છે.

૪૦. રાજ્યશાસકોએ પણ પોતાના દેશમાં પોતાની પ્રજામાં નીતિનું ધોરણ જળવાઇ રહે, અનીતિ કરવાની તક ન મળે તેમ જોવું જોઇએ. તે રીતે વ્યવસ્થા રાખવી જોઇએ. પ્રજા સત્ય શીલવાન અને ન્યાયનીતિપૂર્વક બંધારણને અનુસરે તે રીતે વહીવટ થવો જોઇએ. (અપૂર્ણ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંશોધિત અને શુદ્ધ કરેલા છે. એમાં સાંખ્યકારિકા ઉપરનું ગૌડપાદનું ભાષ્ય તથા બીજી વૃત્તિઓ છે. યોગસૂત્ર ઉપરની વ્યાસભાષ્ય સહિત તત્ત્વવૈશારદી ટીકા છે. ગીતાનું શાંકરભાષ્ય અને હર્ષદેવનું ખંડનખંડખાદ્ય છે. વૈશેષિક અને ન્યાયદર્શનનાં ભાષ્ય અને તેના ઉપરની ક્રમિક ઉદયનાચાર્ય સુધીની બધી ટીકાઓ મોજૂદ છે. ન્યાયસૂત્ર ઉપરનું ભાષ્ય, તેનું વાર્તિક, વાર્તિક પરની તાત્પર્યટીકા અને તાત્પર્યટીકા પર તાત્પર્યપરિશુદ્ધિ તથા એ પાંચે ગ્રંથો ઉપર વિષમપદવિવરણરૂપ ‘પંચપ્રસ્થાન’ નામનો એક અપૂર્વ ગ્રંથ એ સંગ્રહમાં છે. બૌદ્ધ પરંપરાના મહત્ત્વપૂર્ણ તર્કગ્રંથોમાંથી સટીક સટિપ્પણ ન્યાયબિંદુ તથા સટીક સટિપ્પણ તત્ત્વસંગ્રહ જેવા કેટલાય ગ્રંથો છે. અહીં એક વસ્તુનો હું ખાસ નિર્દેશ કરવા માગું છું, જે સંશોધકોને માટે ઉપયોગી છે. અપભ્રંશ ભાષાના કેટલાય અપ્રકાશિત તથા અન્યત્ર અપ્રાપ્ય એવા બારમી સદીના મોટા મોટા કથા–ગ્રંથો આ ભંડારમાં છે. જેવા કે વિલાસવઈકહા, અરિટ્ઠનેમિચરિઉ, વગેરે. એ જ રીતે છંદવિષયક કેટલાક ગ્રંથો છે જેની નકલો પુરાતત્ત્વકોવિદ શ્રી જિનવિજયજીએ જેસલમેરમાં જઈને કરાવી હતી. એ નકલોને આધારે પ્રોફેસર વેલિનકરે તે પ્રગટ કર્યાં છે.

ખંભાતના શ્રી શાંતિનાથ તાડપત્રીય ગ્રંથભંડારની બેએક વિશેષતા છે. તેમાં ચિત્રસમૃદ્ધિ તો છે જ, પણ ગુજરાતના સુપ્રસિદ્ધ મંત્રી અને વિદ્વાન વસ્તુપાલની સ્વહસ્તલિખિત ‘ધર્માભ્યુદય’ મહાકાવ્યની પ્રત છે. પાટણના ત્રણ તાડપત્રીય સંગ્રહોની અનેક વિશેષતાઓ છે. જેમાંની એક તો એ કે ત્યાંથી ધર્મકીર્તિનો ‘હેતુબિંદુ’ ગ્રંથ અર્ચટની ટીકાવાળો પ્રાપ્ત થયો છે, જે અત્યાર સુધી મૂળ સંસ્કૃતમાં ક્યાંયથી મળ્યો નથી. જયરાશિનો ‘તત્ત્વોપપ્લવ’ જેનો બીજે કશો પત્તો લાગતો નથી, તે પણ અહીંથી મળ્યો છે.

કાગળના ગ્રંથોના ભંડારોમાંથી ચાર પાંચનો નિર્દેશ જ અહીં પૂરતો થશે. પાટણનો તપાગચ્છનો ભંડાર, રાજસ્થાની, હિંદી અને ફારસી ભાષાના વિવિધ વિષયોના સેંકડો ગ્રંથોથી સમૃદ્ધ છે, જેમાં ‘આગમડંબર’ નાટક પણ છે, જે બીજે દુર્લભ છે. પાટણના ભાભાના માડનો ભંડાર પણ કેટલીક દૃષ્ટિએ મહત્ત્વનો છે. હમણાં હમણાં તેમાંથી છઠ્ઠી સાતમી સદીના બૌદ્ધ તાર્કિક આચાર્ય શ્રી ધર્મકીર્તિના સુપ્રસિદ્ધ ‘પ્રમાણવાર્તિક’ ગ્રંથની સ્વોપજ્ઞ વૃત્તિ મળી છે, જે તિબેટથી પણ આજ સુધી મળી નથી. ખંભાતનો જૈનશાલાકાનો ભંડાર પણ મહત્ત્વનો છે. એમાં વિક્રમ સંવત ૧૨૩૪ ની લખેલી જિનેશ્વરના ‘કથાકોશ’ની પ્રત છે. જૈન ભંડારોમાં મળતી કાગળની પોથીઓમાં તે સૌથી પુરાણી છે. આઠસો વર્ષ પછી આજે પણ તેના કાગળની સ્થિતિ સારી છે. ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ સ્વહસ્તે લખેલા કેટલાક ગ્રંથો—જેવા કે ‘વિષયતાવાદ’ ‘સ્તોત્રસંગ્રહ’ વગેરે એ જ ભંડારમાંથી હમણાં હમણાં મને મળ્યા છે. જેસલમેરના એક કાગળના ભંડારમાં ન્યાય અને વૈશેષિક દર્શનના સૂત્ર, ભાષ્ય, ટીકા, અનુટીકા, વગેરેનો પૂરો સેટ ખૂબ શુદ્ધ રૂપમાં તથા સટિપ્પણ મોજૂદ છે, જે વિ. સં. ૧૨૭૯ માં લખેલો છે. અમદાવાદના કેવળ બે જ ભંડારોનો હું નિર્દેશ કરું છું. પગથિયાના ઉપાશ્રયના સંગ્રહમાં શ્રી યશોવિજયજીના સ્વહસ્તે લખેલી ‘પ્રમેયમાલા’ તથા ‘વીતરાગસ્તોત્ર અષ્ટમ પ્રકાશ’ની વ્યાખ્યા એ બે ગ્રંથો હમણાં હમણાં આચાર્ય શ્રી વિજયમનોહરસૂરિજીદ્વારા મળ્યા છે. બાદશાહ જહાંગીરદ્વારા સંમાનિત વિદ્વાન ભાનુચંદ્ર અને સિદ્ધિચંદ્રે રચેલા કેટલાક ગ્રંથો એ સંગ્રહમાં છે. જેમ કે નૈષધની તથા વાસવદત્તની ટીકા વગેરે.

મુનિ શ્રી પુણ્યવિજયજી

[ સાહિત્ય પ્રદર્શનના ઉદ્‌ઘાટન પ્રસંગે કરેલા નિવેદનમાંથી ] “બુદ્ધિપ્રકાશ”માં આવેલમાંથી ઉદ્ધૃત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# " શ્રાવક ? "

સ્વરચીતઃ–સંઘવી ભવાનભાઈ પ્રાગજી બોરડી.

રાગ–માઢ–( ત્રિતાલ )

( પામરતા તું છોડ ? )

પામરતા, તું છોડ, હંસા ? પામરતા તું છોડ.
માનસ. સરનો રાજહંસ તું; સરિતામાં, શું જોય ? હંસા ?
મુક્તા ફળનો ભોગિ છો તું; અન્ય, લક્ષ્ય ના હોય, હંસા ?
અનંતબળી, તું શ્રેષ્ટ આતમા ? જ્ઞાનદૃષ્ટિથી, જો. હંસા ?
ભુખે મરજે, તરશે તપજે; શાખ કદિ ના ખોય, હંસા ?
ક્ષિર સાગરનાં નિરને છોડી; લુણ સાગર મત દોડ હંસા ?

૧ મનની નબળાઇ.

૨ તું તો જૈન છો ( શ્રાવક ) સત્ય અને અહિંસા પાલન એ તારો મુખ્ય ધર્મ છે. તું હિંસાવૃત્તિ તરફ કદમ પણ ભરવા ના પ્રેરાતો.

૩ તારો આત્મા તો અનંતલબ્ધિ છે અને તું ઊત્તમ માનવી છો. ( શ્રાવક છો ) હીંસાનો તારે તો મન વચન અને કાયાથી ત્યાગ જ કરતો હોય.

૪ તું ગમે તેવી વિપદોમાં આવી પડે પણ તારૂં સત્ય અને અહિંસાવ્રત તું ના છોડ કારણકે તું તો શ્રાવક છો.

૫ મુક્તિધામના પથિક ? તું તારો એ પરમકલ્યાણકારી પંથ છોડીને અવળી દિશાએ ( નર્કની ) ન દોડ'

# વર્તમાન સમાચાર

## આચાર્ય ભગવાન શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીની ૮૪ મી જન્મ જયંતિનો મહોત્સવ.

યુગવીર આચાર્ય ભગવાન વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની ૮૪ મી જન્મ જયંતી સં. ૨૦૧૦ ના કારતક શુદ ૨, સાંઝે ૫ વાગે ઉજવવા માટે મુંબઇ ભાયખલા તથા ચોપાટી ઉપર સત્ય અહિંસાદ્વારા સમસ્ત વિશ્વનો ઉદ્ધાર કરનાર વર્લ્ડપીસ મિશનના ઉપક્રમે મુંબઇ કોંગ્રેસના પ્રમુખ શ્રીયુત એસ. કે. પાટીલના અધ્યક્ષસ્થાને ૭૨ સંસ્થાના સંયુક્તપણા નીચે વિરાટ સભા મળી હતી.

વર્લ્ડપીશ મીશન મુંબઇમાં આચાર્ય મહારાજની પ્રેરણાથી સ્થપાયું છે જેના પ્રમુખધારાસભાના સભ્ય કે. કે. શાહ અને મંત્રીઓ શ્રી રસીક બી. ઝવેરી, શ્રી ધીરજલાલ હી. શાહ, શ્રી જગજીવનદાસ ડ. શાહ તેમજ શ્રી નવનીતલાલ એમ. શાહ, વગેરેનો સમાવેશ થાય છે. ઉપરોક્ત સભામાં આચાર્ય મહારાજે પોતાનું અનુભવપૂર્ણ પ્રવચન કરતાં જણાવ્યું કે-હું જૈન, બૌદ્ધ, મુસલમાન, શૈવ, હિંદુ નથી. હું તો પરમાત્માને શોધવા માટેના પંથ પર કૂચ કરવા માંગતો એક માનવી છું. આજે સૌને શાંતિ ખપે છે. વિચાર અને વિનિમયમાં શાંતિનું જ્ઞાન મળે તો અશાંતિ થાય જ નહિ. શાંતિ માટે રામરાજ્યની જરૂર છે. ધનવાન, ગરીબ, ઉચ્ચનીચ અને સર્વ કોઇ પ્રત્યે સમાન નજર રાખે તો તે જ રામરાજ્ય કહેવાય. શાંતિ માટે પ્રથમ આપણે આપણા મનમાં શોધ કરવી જોઇએ અને જો મનમાં શાંતિ હોય, ઘરમાં, પાડોશીઓમાં, મહોલામાં, ગામમાં, રાજ્યમાં એમ અનુક્રમે આવતાં વિશ્વમાં આવે વગેરે વક્તવ્ય પૂરું કર્યા બાદ પ્રમુખસ્થાનેથી શ્રી પાટીલે જણાવ્યું કે–વિશ્વના ધુરંધુરો શાંતિની વાતો કરે છે, તેવી ઝંખના સૌને છે. માત્ર પશ્ચિમના કે મ્હોટા રાજ્યો લાવી શકે તેમ નહિં પરંતુ શાંતિનો સૌને અધિકાર છે.

રશીયા અમેરિકા રાષ્ટ્રો શાંતિ લાવી શકશે માનવું ખોટું છે. ભારત દેશ પણ શાંતિ લાવી શકવા લાયક છે. દરેક રાષ્ટ્રોને શાંતિનું આંદોલન ચાલુ રાખવાનો અધિકાર છે. ત્યારબાદ કેદારનાથજીએ જણાવ્યું કે ભારત દેશ યુગોથી અહિંસાને માનતું આવ્યું છે. મહાપુરુષના તે ઉપદેશને બાપુએ આપણને બતાવ્યો છે કે–તે અહિંસા, સત્ય વિશ્વના ઉદ્ધાર માટે છે.

શ્રી કે. કે. શાહે વર્લ્ડ પીશ મીશન કેમ સ્થાપવામાં આવ્યું છે તેનો ખ્યાલ આપી તેને મજબૂત બનાવવા જણાવ્યું હતું.

કારતક શુદ ૩ ના રોજ ભાયખલા મંડપમાં શેઠ રતનચંદજી ડાલીયાના પ્રમુખસ્થાને જન્મ જયંતિ ઉજવવામાં આવી હતી. જે પ્રસંગે ઉપા૦ શ્રી પૂર્ણા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નંદવિજયજી, મુ૦ ઇંદ્રવિજયજી, પંડિત હંસરાજજી શાસ્ત્રી અને શ્રીયુત ચંદુલાલ વર્દ્ધમાન આદિના પ્રવચનો થયા હતા. એ રીતે બે દિવસ સુધી જયંતિ ઉજવી ગુરુભક્તિ કરવામાં આવી હતી.

ભાયખલા ખાતે કારતક શુદ ૨ રવિવારે સવારે ૮॥ થી ૧૦ સુધી મુંબઇના નાણાપ્રધાન ડૉ. જીવરાજ મહેતાના પ્રમુખપણા નીચે જયંતી ઉજવતાં તેઓશ્રીએ જણાવ્યું કે–ધન્ય છે એ પુરુષને કે જેણે જ્ઞાનની જ્યોત જલતી રાખી. જ્ઞાનના ફેલાવા માટે તેઓશ્રીએ કરેલા પ્રયાસો જાણી આપણે સૌ મગરૂર થઇએ છીએ. આપણા દેશમાં ગમે તેટલા ધર્મ હોય તો સૌ ભાઇચારાથી રહે તો સૌનું કલ્યાણ થાય. જે ધર્મો આપણને સમાનતા શીખવે તે ધર્મ પૂજ્ય છે. છેવટે આચાર્ય મહારાજનું દીર્ઘાયુ ઇચ્છયું હતું. ત્યારબાદ ખીમજીભાઇ છેડાએ તારો તથા પત્રો વાંચી સંભળાવ્યા હતા. ભારતભરમાં ઘણા સ્થળે આચાર્ય મહારાજની જન્મ જયંતિ ઉજવાઇ હતી. ત્યારબાદ આ૦ શ્રીજીએ સંદેશો આપ્યો કે મારા ગુરુજી પાસેથી મેં જે મેળવ્યું તે જનતાને આપ્યું છે. મારામાં લેવા જેવું લાગે તો તેનું અનુકરણ કરો, એ મારો સંદેશ છે. ત્યારબાદ શ્રી નાથાલાલ ડી. પરીખ તથા જૈન કોન્ફરન્સ ઉપપ્રમુખ શ્રી મોહનલાલ ચોકસી, ઉપાધ્યાયજી પૂર્ણાનંદવિજયજી, પં. શ્રી વિકાશવિજયજીએ દીર્ઘાયુ ઇચ્છવા સાથે આ૦ મહારાજશ્રી જૈન સમાજ માટે વર્ષોથી કાર્ય કરી રહ્યા છે તે ઉપર વિવેચનો કર્યા હતા. છેવટે આભાર માનતાં સભા વિસર્જન થઇ હતી.

---

આ વર્ષના બેસતે વર્ષે જ્ઞાનપૂજન સાથે આ સભાના પ્રમુખ શેઠ શ્રી ગુલાબચંદ આણંદજી તરફથી દુગ્ધપાન અને શ્રી જ્ઞાનપંચમીના રોજ સભામાં જ્ઞાન પધરાવી પૂજન, ભક્તિ વગેરે કરવામાં આવેલ.

---

### એલએલ. બી. માં પસાર થયા.

આ સભાના સભાસદ ડોકટર જસવંતરાય મૂળચંદ શાહ એમ. બી. બી. એસ. ના સુપુત્ર શ્રી રમણિકલાલ: વીશમું વર્ષ બેસતાં જ એલએલ. બી. ની પરીક્ષામાં સેકન્ડ કલાસમાં પાસ થયા છે. કોલેજનો અભ્યાસ અહિં કરી મુંબઇ લૉ–કલાસમાં અભ્યાસ કર્યો હતો. આટલી નાની ઉંમરે આ પરીક્ષા પસાર કરવા માટે ભાઇ રમણિકલાલ તથા તેમના કુટુંબીઓને ધન્યવાદ ઘટે છે. આટલી નાની વયમાં ઉપરોક્ત પરીક્ષા પસાર કરવાનો ભાવનગર જૈન સમાજમાં પ્રથમ દાખલો છે. અને ચિ. રમણિકલાલની ભાવિ કારકીર્દી માટે સફલતા ઇચ્છીયે છીયે.

### શ્રી શાંતિચંદ્ર સેવાસમાજ

શ્રી શાંતિચંદ્ર સેવાસમાજ–અમદાવાદનો ૨૬ મા વર્ષનો વાર્ષિક ઉત્સવ ધ્રાંગધ્રાનિવાસી શેઠ પુરૂષોત્તમદાસ સુરચંદ વોરાના પ્રમુખપણા નીચે સં. કારતક શુદ ૧૨ ના રોજ ઉજવવામાં આવ્યો હતો. સાથે શ્રી અષ્ટાપદજી પૂજા ભણાવવામાં આવી હતી. રાત્રિના સવા આઠ વાગે મેળાવડો કરવામાં આવ્યો હતો. પ્રથમ મંગલાચરણ થયા બાદ શેઠ કાંતિલાલે પ્રમુખશ્રીનો પરિચય આપ્યા બાદ સંસ્થાના મંત્રીએ વાર્ષિક હિસાબ, કાર્યવાહી રજુ કર્યા બાદ પ્રમુખશ્રીએ જુદા જુદા ખાતાઓમાં રૂા. ત્રણ હજારની સખાવત કરી હતી. આ સંસ્થા જૈન સમાજની સેવા ઉત્સાહ અને ભાવપૂર્વક કરે છે.

---

## સ્વીકાર–સમાલોચના

૧ **ભક્તભારતી** અથવા ભગવત્ પંચાશિકા. રચયિતા–ન્યાયવિશારદ–ન્યાયતીર્થ **મુનિરાજ શ્રી ન્યાયવિજયજી** મહારાજ. આ લઘુ પરંતુ ભક્તિભાવના તેનો રસસ્વાદ–પરિપાક પ્રથમ શિખરિ વિહાર પરિચ્છેદમાં તથા બીજા શાર્દૂલચરણ બીજા પરિચ્છેદમાં અને ત્રીજા વિવિધનાદ ત્રીજા પરિચ્છેદમાં મળી ૫૦ મૂળ સંસ્કૃત કાવ્યો તેના સરલ અને સુંદર અનુવાદ સાથે વિદ્વત્તાપૂર્ણ સર્વમાન્ય રીતે આપવામાં આવેલા છે. સાથે ભક્તિમહિમા પ્રશસ્તિ પણ છેવટે આપેલ છે. પરમાત્મા–દેવાધિદેવની રસમય ભક્તિમય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમૃતરસમાં મનનપૂર્વક નિરંતર વાંચવા અને સ્મરણમાં રાખવા જેવી આપી છે. પૂજ્ય મુનિરાજની એકેએક કૃતિ વાંચવા જેવી રચાય છે ને પ્રકાશન થાય છે.

૨ **સામાયિકસૂત્ર**—પ્રકાશક શ્રીસાગર લાઇબ્રેરી અગાસી બંદર. મ્હોટા ગુજરાતી ટાઇપમાં પચ્ચક્ખાણ સહિત આ બુક પ્રગટ કરવામાં આવી છે. કિં. બે આના.

૩ શ્રી જૈન શ્વેતાંબર મૂર્ત્તિપૂજક વિદ્યાર્થીભવન કડીનો સંવત ૨૦૦૮નો રિપોર્ટ અમોને મળ્યો છે. કાર્યવાહી સુંદર અને ચોખવટવાળો આ રિપોર્ટ છે. કાર્યવાહકો લાગણીવાળા છે. સર્વ પ્રકારની સહાય આપવાની જરૂર છે.

### શ્રી મહાવીર જૈન વિદ્યાલય મુંબઇનો આડત્રીશમો વાર્ષિક રિપોર્ટ અમોને મળ્યો છે.

પૂજ્યપાદ યુગવીર આચાર્ય મહારાજશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીના આશીર્વાદ સાથે અને પૂજ્યશ્રીના ઉપદેશ અને સુંદર પ્રયત્નવડે ૩૮ વર્ષ ઉપર સ્થાપન થયેલ હોવાથી તેઓશ્રી તેના આદ્યપ્રેરક છે. આ સંસ્થાની શરૂઆતથી જ સેક્રેટરીઓ, કાર્યવાહક કમીટીના સભ્યો અને દાનવીર જૈન બંધુઓના સહકાર સહાયવડે આ સંસ્થા ઘણી પ્રગતિશીલ થઇ છે. પ્રથમ શ્રી વિદ્યાલય માત્ર મુંબઇમાં અને પછી અમદાવાદ અને પૂનામાં તેની બે શાખાઓ, કન્યાછાત્રાલયની યોજના, બહાર અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓને લોન વગેરેની સહાય વગેરે શિક્ષણના ધામો કરવામાં આવ્યા છે. પ્રથમ શ્રીયુત ચંદુલાલ સારાભાઇ મોદી અને સદ્ગત શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિઆ સેક્રેટરી હતા અને આ સંસ્થા પ્રગતિશીલ થતી હતી, પરંતુ શ્રી મોતીચંદભાઇનો સ્વર્ગવાસ થયા પછી આ સંસ્થાના સુભાગ્યે અને પૂજ્ય આચાર્ય મહારાજની પ્રેરણા–ઉપદેશ અને આશીર્વાદવડે શ્રીયુત ચંદુલાલ વર્દ્ધમાન જેવા શ્રીમંત, પુણ્યશાળી, બુદ્ધિશાળી શ્રી મોતીચંદ ભાઇના અભાવે આ સંસ્થાને સેક્રેટરી પ્રાપ્ત થયા અને તરત જ શ્રીયુત કપૂરચંદભાઇ, શ્રી ઝવેરચંદભાઇ અને કેવળચંદભાઇ નેમચંદભાઇએ આ સંસ્થાની કદર કરી રૂા. અઢી લાખની સખાવત કરી અને તેને માટે બંને સેક્રેટરીઓ અને કાર્યવાહક કમીટીના ગૃહસ્થોના શુભ પ્રયત્નવડે બીજા અઢીલાખ જૈન સમાજ પાસેથી મેળવી રૂા. પાંચ લાખની સહાય મેળવી, છતાં સેક્રેટરી સાહેબો વગેરેના જે મનોરથો આ સંસ્થા માટે છે તેને માટે જરૂર હજી પણ આર્થિક સહાયની જરૂર છે. અમારે કહેવું જોઇએ કન્યા છાત્રાલય માટે હજી મકાનની જોગવાઈ થઇ શકી નથી તે જૈન સમાજ માટે જલ્દી જરૂર વિચારણીય છે. આખા ભારતવર્ષમાં બંને પ્રકારની કેળવણી અપાવતી સહાય કરવા પાત્ર આ એક જ સંસ્થા છે અને તેની સુંદર કાર્યવાહી, ચોખવટ અને પ્રમાણિકતા આ રિપોર્ટ વાંચતાં માલમ પડ્યું છે. દરેક શ્રીમંતોએ આ સંસ્થાના અધૂરા કાર્યો મનોરથો માટે શ્રીયુત કપૂરચંદભાઇ વગેરે ભાઇઓનું અનુકરણ જલ્દી કરી સારી રકમ આપવી જોઇએ. બીજી કોમની હરોલમાં કેળવણી વગર જૈન સમાજ ઊભી રહી શકે જ નહિ. જૈન સમાજના સામાન્ય સ્થિતિવાળા મનુષ્યો મ્હોટી રકમ ન આપી શકે તો હિંદમાંના તે પ્રદેશના જૈન બંધુઓએ દરેક કુટુંબના મનુષ્ય દીઠ એક એક પૈસો શ્રી મહાવીર વિદ્યાલયને દર વર્ષે ફાળો મોકલી આપવો જોઇએ. જ્ઞાનદાન એ સર્વ દાનમાં સર્વશ્રેષ્ઠ દાન છે. અમે માનીએ છીએ કે આ અમારી સૂચના શ્રીમંત અને અન્ય બંધુઓ ધ્યાનમાં લેશે. અને અમો પણ પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ કે–આ વિદ્યાલય દિવસાનુદિવસ પ્રગતિમાન, ગૌરવશાળી બને અને સેક્રેટરીઓ અને કાર્યવાહકોના સર્વ મનોરથો–ભાવી કેળવણીના કાર્યો વેળાસર પૂર્ણ થાય તેમજ હિંદના દરેક શહેરોમાં તેની શાખાઓ સ્થપાય તેમ પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ.

### યુગવીર જૈનાચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજનું જીવન અને પ્રવચન.

કૃપાળુ યુગવીરઆચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજશ્રીના શિષ્ય રત્નમુનિરાજશ્રી જનકવિજયજી મહારાજ તથા પરમાર ક્ષત્રિય જૈનધર્મ પ્રસારક સભા તરફથી એક એક કોપી ભેટ મળી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**૨ સજ્ઝાયમાળા**—શાસ્ત્રી શુદ્ધ રીતે મોટા અક્ષરોથી છપાયેલ, શ્રી પૂર્વાચાર્ય–અનેક જૈન પંડિતો વિરચિત, વિવિધ વિષયક વૈરાગ્યાદિ રસોત્પાદક, આત્માને આનંદ આપનાર ૧૩મા સૈકાથી અઢારમા સૈકા સુધીમાં થઇ ગયેલા પૂજ્ય આચાર્યદેવો અને પંડિત મુનિમહારાજાઓએ રચેલ સજ્ઝાયનો સંગ્રહ આ ગ્રંથમાં આવેલો છે કે જે વાંચતા મહાપુરુષોના ચારિત્રની ઘટના આપણી પૂર્વની જાહોજલાલી, અને વાચકને વૈરાગ્યવૃત્તિ તરફ દોરે છે. ( પ્રથમ ભીમસીંહ માણેકે છપાવેલી તે જ ) હાલમાં તે મળી શક્તિ નથી અમારી પાસે માત્ર પચીશ કોપી આવી છે. પચાસ ફોર્મ ૪૦૮ પાનાનો સુંદર કાગળો શાસ્ત્રી મોટા ટાઇપો, અને કપડાના પાકા બાઇડીંગથી અલંકૃત કરેલ છે કિંમત રૂા. ૪–૮–૦ પોસ્ટેજ જુદું મૂળ કિં. આપવાની છે. )

**લખો:—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.**

---

## ૧. શ્રી શ્રેયાંસનાથ જિનેશ્વરનું સચિત્ર ચરિત્ર.

અનેક રંગના વિવિધ અવસ્થાના ફોટાઓ, સુંદર બાઇડીંગ કવર જેકેટ સાથે પુણ્યવંત મનુષ્યોનું ઉચ્ચ કોટીનું જીવન કેવું સુંદર હોય છે, તેનો સુંદર નમુનો આ ચરિત્રમાં છે.

શ્રી શ્રેયાંસનાથ ભગવાનના આગલા ત્રીજા ભવમાં તેઓશ્રી ભુવનભાનુ રાજાના સુપુત્ર શ્રી **નલિની ગુલ્મ** નામે રાજપુત્ર હતા. ભુવનભાનુ રાજા અને નલિની ગુલ્મ રાજપુત્ર બંને જ્યારે કોઇ અવનવા આશ્ચર્ય સાથે આનંદ ઉત્પન્ન કરે તેવા પ્રસંગે રાજધાની છોડી અનેક શહેરો, જંગલો, ઉદ્યાનો–વનો ઉપવનોમાં પરિભ્રમણ કરતાં તે બંને મહાન પુરુષની ધર્મભાવના, પરોપકારપણું, દેવ ભક્તિ, નમસ્કાર મહામંત્રની અખૂટ શ્રદ્ધા અને પૂર્વના પુણ્યોદયવડે વૈભવ, સંપત્તિ, સુખો, સુંદર આદર્શ સ્રીરત્નોની પ્રાપ્તિ વિઘ્નો, અને સંકટ વખતની ધૈર્યતા, અને રાજનીતિ તે વખતની સામાજિક નીતિ ન્યાયનીતિ, શહેર, ઉદ્યાનોના વર્ણનો, ધર્મગુરુઓની દેશનાઓના લાભો વગેરે આ ચરિત્ર સંપૂર્ણ વાંચતા આત્મિક આનંદ, અનુકરણીય સુંદરપ્રસંગો પ્રાપ્ત થાય છે.

---

## ૨. " જ્ઞાનપ્રદીપ ગ્રંથ " ( ભાગ ત્રીજો ).

દરેક મનુષ્યને–અલ્પજ્ઞને પણ સરલ રીતે સમજી શકાય અને ઉચ્ચ જીવન કેમ જીવાય, જીવનમાં આવતાં સુખ દુઃખના પ્રસંગોએ કેવી પ્રવૃત્તિ આદરવી, તેનું દિશાસૂચન કરાવનાર, અનંતકાળથી સંસારમાં રઝળતા આત્માને સાચો રાહ બતાવનાર, સન્માર્ગ, સ્વર્ગ અને મોક્ષ મેળવવા માટે ભોમીયારૂપ આ ગ્રંથમાં આવેલા વિવિધ તેર વિષયો છે. જે ગ્રંથો માટે જૈન જૈનેતર મનુષ્યોએ પ્રશંસા કરેલ છે. પુષ્પમાળારૂપે વિદ્વાન આચાર્ય મહારાજ વિજયકસ્તુરસૂરિમહારાજે સાદી અને સરલ ભાષામાં રચેલો છે. કિંમત બે રૂપીયા પોસ્ટેજ જુદું.

---

**તૈયાર છે.** **શ્રી બૃહત્કલ્પસૂત્ર–છઠ્ઠો ( છેલ્લો ) ભાગ સંપૂર્ણ.** **તૈયાર છે.**

મુનિરાજશ્રી તથા જ્ઞાનભંડારોના વહીવટ કરનાર મહાશયો, જેમણે પ્રથમ પાંચ ભાગ લીધેલા છે, તેમણે આ છઠ્ઠો ભાગ સત્વર મંગાવી લેવા વિનંતિ છે. **ઘણી જુજ નકલો સિલિકે છે.** આ છઠ્ઠો ભાગ સંશોધન સાથે મહાન પ્રયત્નવડે સાક્ષરશિરોમણિ, પૂજ્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજે મહામૂલી, પ્રમાણિક, સર્વ માહિતીપૂર્ણ, સુંદર સંકલનાપૂર્વક પ્રસ્તાવના સાથે સંપાદન કરેલ છે.

આ ગ્રંથ ઉંચા ટકાઉ લેઝર પેપર ઉપર, સુંદર શાસ્ત્રી ટાઇપમાં નિર્ણયસાગર મુંબઇ પ્રેસમાં છપાયેલ છે. આ પૂજ્ય આગમ ઘણાં ગ્રંથ વર્ષો સુધી ટકી શકે, અને જ્ઞાનભંડારોના શણગારરૂપ બને તે દૃષ્ટિએ જ બધી રીતે મોટો ખર્ચ કરી સુંદરમાં સુંદર તેનું પ્રકાશન કરેલ છે.

આવા વિદ્વત્તાપૂર્ણ પૂજ્ય આગમો મોટો ખર્ચ કરી વારંવાર છપાતાં નથી જેથી જલદી મંગાવી લેવા નમ્ર સુચના છે.

કિંમત રૂા. ૧૬) સોળ વી.પી. પોસ્ટેજ રૂા. ૧।।। જુદું. **લખો:–શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.**

For Private And Personal Use Only

Reg. No. B. 314

# સભાના મેમ્બર થવાથી થતો અપૂર્વ લાભ.

રૂા. ૫૦૧) રૂા. પાંચસો એક આપનાર ગૃહસ્થ સભાના પેટ્રન થઇ શકે છે. તેમને છેલ્લા પાંચ વર્ષમાં પ્રગટ થયેલા ગુજરાતી પ્રકાશનો ભેટ તરીકે મળી શકે છે.

રૂા. ૧૦૧) પહેલા વર્ગના લાઇફ મેમ્બર થનારને ચાલુ વર્ષના બધા ગુજરાતી પ્રકાશનો ભેટ મળી શકે છે અને અગાઉના વર્ષના પુસ્તકો પોણી કિંમતે મળી શકે છે.

રૂા. ૫૧) બીજા વર્ગના લાઇફ મેમ્બર. તેમને પુસ્તકની જે કિંમત હશે તેમાંથી ત્રણ રૂપિયા કમી કરી બાકીની કિંમતે આ વરસના પુસ્તકો ભેટ મળી શકશે; પણ રૂા. ૫૦) વધુ ભરી પહેલા વર્ગમાં આવનારને પહેલા વર્ગને મળતો લાભ મળશે. બીજા વર્ગમાં જ રહેનારને ત્રણે રૂપીઆની કીંમતના ભેટ મળશે.

રૂા. ૧૦૧) ભરનાર પહેલા વર્ગના લાઇફ મેમ્બરોને નીચેના સાત વર્ષોમાં જે પુસ્તકો ભેટ આપવામા આવ્યા છે તે નીચે મુજબ છે. જેમાંથી પેટ્રન થનારને છેલ્લા પાંચ વર્ષના પુસ્તકો ભેટ મળશે.

| | | |
|---|---|---|
| સં. ૨૦૦૩માં | શ્રી સંઘપતિ ચરિત્ર—( સચિત્ર ) | કિં. રૂા. ૬-૮-૦ |
| | શ્રી મહાવીર ભગવાનનાં યુગની મહાદેવીઓ | ,, ,, ૩-૮-૦ |
| સં. ૨૦૦૪માં | શ્રી વસુદેવ હિંડી ભાષાંતર | ,, ,, ૧૫-૦-૦ |
| | શ્રી શાંતિનાથ પ્રભુ ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૭-૮-૦ |
| સં. ૨૦૦૫માં | શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૧૩-૦-૦ |
| સં. ૨૦૦૬માં | શ્રી દમયન્તી ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૬-૮-૦ |
| | જ્ઞાન પ્રદીપ ભાગ ૨ | ,, ,, ૪-૦-૦ |
| | આદર્શ સ્ત્રી રત્નો ભાગ ૨ | ,, ,, ૨-૦-૦ |
| | જૈન મતકા સ્વરૂપ | ભેટ |
| સં. ૨૦૦૭ } | શ્રી કથારત્નકોષ ભાષાન્તર ગુજરાતી ભાગ ૧ | ,, ,, ૧૦-૦-૦ |
| ,, ૨૦૦૮ } | શ્રી તીર્થંકર ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૬-૦-૦ |
| | શ્રી અનેકાન્તવાદ | ,, ,, ૧-૦-૦ |
| | ભક્તિ ભાવના નૂતન સ્તવનાવળી | ,, ,, ૦-૮-૦ |
| સં. ૨૦૦૯માં | શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર-સચિત્ર | ,, ,, ૭-૮-૦ |
| | જ્ઞાન-પ્રદીપ ભાગ ત્રીજો | ,, ,, ૨-૦-૦ |
| | નમસ્કાર મહામંત્ર | ,, ,, ૧-૦-૦ |
| | | રૂા. ૮૬-૦-૦ |

સં. ૨૦૧૦ માં આપવાના ભેટના પુસ્તકો તૈયાર થશે ત્યાં સુધી નવા થનાર લાઇફ મેમ્બરને ઉપરોક્ત સં. ૨૦૦૯ ના ભેટના પુસ્તકો ભેટ મળશે.

પહેલા વર્ગના લાઇફ મેમ્બરની ફી રૂા. ૧૦૧) ભર્યેથી રૂા. ૧૩) નું શ્રી પાર્શ્વનાથ ચરિત્ર રૂા. ૭) વધુ ભર્યેથી આપવામાં આવશે. માટે પ્રથમ વર્ગના લાઇફ મેમ્બર થઈ મળતા ભેટના પુસ્તકોનો લાભ મેળવો. જૈન બંધુઓ અને બ્હેનોને પેટ્રનપદ અને લાઇફ મેમ્બર થઇ નવા નવા સુંદર ગ્રંથો ભેટ મેળવવા નમ્ર સૂચના છે.

એકાવન વરસથી પ્રગટ થતું આત્માનંદ પ્રકાશ માસિક દર માસે જિંદગી સુધી ભેટ મળશે. મેમ્બર થવામાં જેટલો વિલંબ થશે તે વરસના ભેટના પુસ્તકો ગુમાવવાના રહેશે; અત્યારસુધીમાં આશરે ૭૦૦ સંખ્યા લાઇફ મેમ્બરોની થઈ છે.

તા. ૧૩-૧-૫૩ }
૨૦૦૯ પોસ વદ ૧૩ }

શ્રી જૈન આત્માનંદ સભા.
ભાવનગર

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ-ભાવનગર.